ગીતમાધુરી.

મહોપકારી મહાત્માની મંજુલ પ્રસાદી રૂપ

ગીતમાધુરી.

સંગ્રાહક એક સત્ય શોધક.

પ્રસિદ્ધકર્ત્તા મણીલાલ મીઠારામ
વરણામાવાળા.

"શ્રી સત્યનારાયણ" પ્રીન્ટીંગ પ્રેસમાં પટેલ મોતીલાલ
કાળીદાસે છાપી. ધીકાંટા—અમદાવાદ.

ન્યોછાવર સવા ત્રણ આના.

" વાચક સુણો શુભ વાત, અભિધર જીવ જ્યારે દ્વૈતમાં;
ગુરૂનાથ છે તે શિવ પણ રે; દ્વૈત નહિ અદ્વૈતમાં. "

હેતુ.

દરેક પ્રાણી પૈકી પ્રાધ્યાન્યે માનવતનું ધારણ કરનારને વિશ્વ-વ્યાપક સત્તા ઇપ્સિત મેળવવા ગુપ્ત મદદ કરે છેજ. દરમિયાન તત્વ-જ્ઞાની મહાત્માઓ સત્સંગના સહવાસમાં આવનારને પોતાના ચોક્કસ અંતઃકરણની મર્યાદામાં રહી તે તે પ્રાણીને ઇપ્સિત મેળવવામાં વધુ મદદ કરી શકે છે તે તો નિર્વિવાદ છે. મહાત્માઓ વાણીદ્વારા વિશેષે મદદ કરે છે. તે વાણી પ્રત્યક્ષ હોય કે પરોક્ષ હોય; તો પણ વાણી એ અન્ય હૃદય છે, તે ગદ્યદ્વારા ને પદ્યદ્વારા હોઇ શકે છે. ગદ્ય કરતાં જેમ પદ્ય બહોળો ફેલાવો કરે છે, તેમ અસ્તીત્વ પણ વધારે ભોગવી શકે છે.

આખો સામવેદ ગાનથી ભરેલો છે. માટેજ ભગવાને કહ્યું કે "**बृहत्साम तथा साम्नां** અધ્યાય ૧૦ **श्लोक** ૩૫ ગાયનમાં બૃહત્ સામ મ્હારૂં સ્વરૂપ છે." તેમ કહેવાનું કારણ એ કે—પદ્યનું પ્રાધાન્યપણું બતાવે છે. પદ્યમાં ગાન સમાયેલું છે. ગાનમાં આલાપ હોઇ શકે છે.—

રાત્રીના સમયે ભયંકર અરણ્યમાં જતા હોછો ને અકસ્માત ભૈરવી (ચીબરી) કે ઘૂડપક્ષીનો અવાજ થતાં કેમ ભય પામો છો ? ઘર ઉપર કપોત (હોલો) પક્ષી બેસી બોલે છે તો કેમ ઉડાડી મૂકો છો ? પોતાના આશ્રમમાં કોઇ બીમાર હોય છે ને નિકટમાં કૂતરાં રૂદન કરે છે તો શાથી હૃદયમાં વ્યથા થાય છે ? હૃદયમાં વ્યથા થવાનું, ભય પામવાનું કારણ અવાજ (આલાપ છે.) જો કે પશુ

પક્ષીઓનો આલાપ જેની અંદર અર્થનું ગાંભિર્ય સમાયેલું હોતું નથી; છતાં પણ હૃદયને અસર કરે છે, તો મહદાત્મા તત્વજ્ઞાનીઓએ કરેલો પદ્યદ્વારા એ આલાપ હૃદયને અસર કેમ ન કરે ? જરૂર અસર કરે છેજ !

હમ્મેશાં માનવવિચારો અભિષ્ટ મેળવવા વિચારસૃષ્ટીમાં દોડા દોડ કરી મૂકે છે. દરમિયાન પદ્યદ્વારાએ રહેલા વાણીરૂપ વિચારો મળતાં જેમ એક નદીના પ્રવાહમાં બીજો પ્રવાહ મળતાં તે નદી સ્થૂળપણાને પામે છે તેમ પોતાના વિચારને સજાતીય અન્ય વિચાર મળતાં તે વિચાર સબળતાને પામી અધિક અંશે વેગવાળા હોઇ અભિષ્ટ મેળવવામાં અલ્પ સમય લગાડે છે. આ શિવાય મહાત્મા-ઓને વાણીરૂપ વિચારો બહાર હવાના મોજોમાં ખુલ્લા મૂકવાનું અન્ય પ્રયોજન સમજાતું નથી.

મહાત્માઓ કઈ અવસ્થામાં, કઇ ભૂમીકામાં હમેશાં રમ્યા કરે છે, તે તો મહાત્માઓની જેઓનાપર કૃપા છે તેઓજ જાણે છે; પરંતુ ગમે તે સ્થિતિમાં કે ભૂમીમાં હોય તો પણ એટલુંજ સિદ્ધ થાય છે કે ચર્મચક્ષુઓથી નહિં દેખાતી રીતિએ ગુપ્તપણે જનકલ્યાણકારક દીવ્યજીવન વિવિધ રીતિએ ગાળતા હોય છે. પ્રારબ્ધાધીન દીવ્ય જીવન ગાળતાં અધ્યાત્મજ્ઞાનની ગુપ્તવિદ્યામાં પ્રીતિ હોઈ તેને અમલમાં મૂકવાની કંઈ પણ તક મને મળી હોય તો આ મહાત્માજ છે.

આ મહાત્માએ કયા મુદ્દાપર ને કયા અધિકારવાળા જીજ્ઞાસુ માટે પદો રચેલાં છે, તે મ્હારી જાણથી બહાર છે; તો પણ એટલું

તો અનુમાન કરૂં છું કે, કંઈક અન્યને ઉપદેશ કરવા કરતાં પોતાનેજ એટલે પોતાના મનનેજ ઉપાસના માર્ગે દોરી પછે બહાર ઉપાસનાને અધ્યાત્મમાં ઘટાવી હોય એમ અનુમાન થાય છે.

વળી ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે, પંચાયતનને અભેદ માર્ગેજ વર્ણવ્યા છે, ને તે પંચાયતન કે જે પંચદેવ તેમનું અસ્તીત્વ **अमीधर** એ નામના સંકેતે વર્ણવી પોતાનું મૂળ નામ છુપાવેલું લાગે છે. કારણ **अमी+धर, अमी** એટલે દરેકમાં રહેલી ગુપ્ત ચૈતન્યશકતી ને **धर** એટલે ધારણ કરનાર, ભાવાર્થ એકે ગુપ્ત ચૈતન્યશક્તીને ધારણ કરનાર **विश्वव्यापक सत्ता** છે, જેને બ્રહ્મ, શિવ, રામ, કૃષ્ણ, ક્રાઈસ્ટ, ઝોરોઆસ્ટર, અરીહંત વીગેરે ગમે ત સંબોધનોથી સંબોધવામાં આવે છે, પરંતુ તે તેજ છે.

ચૈત્ર શુકલ ૧ મંગળવાર
૧૯૬૫

સંતચરણોપાસક
સત્ય શોધક.

ગીતમાધુરી.

મંગળાચરણ.

૧.

ૐ શ્રીં કૃષ્ણ કૃપાળુ, જય જય ઇષ્ટપ્રદાતા;
ઇષ્ટપ્રદાતા જય જય ઇષ્ટપ્રદાતા. ૐ ૦
શાન્તિ પ્રસારો સર્વે શાન્તિ પ્રસારો;
તુષ્ટી પુષ્ટી પ્રભુજી વધારો. શાન્તિ.
અભયવરદ મંગળ જગકર્ત્તા,
અમીધર સુખદાતા. ૐ શ્રીં કૃષ્ણ ૧

સરસ્વતી સ્તુતી.

૨.

(આર્યાછંદ.)

માનેજ માનો તો માનેજમાનો,
માને જમાનો તો માનેજ માનો;
માનેજ માનો ને માને જમાનો;
માનેજ માનો રે માનેજ માનો. ૧

૩.

ભક્તવચ્છળ શ્રી દેવી ભારતીરે, જયતી જયતી;
સેવકના કાર્યો સુધારતીરે, જયતી જયતી;

દિન પ્રતિદિન જયતી જયતી;
જન મન તન જયતી જયતી;
સદ્ધર્મી ઊર વિધર્મી દૂર કરવા જયતી જયતી,
શિશુસંતાપ સહુ સંહારતીરે–જયતી જયતી. ભક્ત૦ ૧
પાય પડેલા જનનાં દુઃખનાં આંસુડાં,
નેહે નિજ પાલવથી નિવારતીરે–જયતી જયતી. ભક્ત૦ ૨
માત્રવચ્છળતા માટે જે કરે સેવારે,
તેના શિર નિર્ભયકર પ્રસારતીરે–જયતી જયતી. ભક્ત૦ ૩
પ્રાણાશા તજી પૂજે ત્હને જે પ્રેમથીરે,
એની ઊતારે સર્વ આરતીરે—જયતી જયતી. ભક્ત૦ ૪
સદા સર્વદા સર્વ સ્થળે સ્નેહાળીરે,
ઉરથી **અમીધરજી**ના વિસારતીરે–જયતી જયતી. ભક્ત૦ ૫

૪.

(ભારતીદેવીની આરતી.)

જયદેવિ જયદેવિ જય જનમનહરણી, તું સહુ જનમનહરણી,
પ્રાણપ્રભુ ઉરધરિણિ વ્હાલમ વશિકરણી. જયદેવિ જયદેવિ. ટેક.
સાડી છે ઘનસ્યામ અતિ ઉજ્વલવરણી તું અતિ ઉજવલવરણી;
વૈરાગ્યે વિચરણિ (૨) વિશ્વસકળભરિણિ. જયદેવિ જયદેવિ. ૧
સર્વે શાન્ત સ્વરૂપ છે તું આર્ય ઇષ્ટદેવી, છે મુજ ભાગ્યરૂપ દેવી;
ઋષિ મુનિ સુર નર થાયે (૨) સુખિયા તુજ સેવી. જયદેવિ જયદેવિ. ૨
તુને મેળવવા જીવ સહુ સૃષ્ટી માંહી, આ સહુ સૃષ્ટી માંહી;
જપ તપ તીરથ કરતા (૨) બાકી નહિં કાંઈ. જયદેવિ જયદેવિ. ૩
કો તુજ કિરપા કાજ મરણશરણ થાતા, કો જળમાં ઝંપલાતા;

કાશિવાસિ ઉદાસી (૨) સંન્યાસી થાતા. જયદેવિ જયદેવિ. ૪
મધુરાંગી મુને આપ વિસરી નવ દેજે, તું વિસરી નવ દેજે;
અરજી છેલ્લી **અમીધર** ઉર લેજે રહેજે. જયદેવિ જયદેવિ. ૫

૫.

(ભારતીદેવીનો થાળ.)

બિરૂદાળી મમતાળી દીનદયાળી—
આવોને જમવા માતુ હિતાળી. ટેક.
હે બિરૂદાળી, મમતાળી દીનદયાળી રે માતુ હિતાળી રે—
નહાલ કરો તમે નેહે નિહાળી. આવો૦ ૧
પ્રેમરૂપી પકવાન કર્યાં છે, સ્નેહસદનમાં ભાવે ભર્યાં છે;
પ્રીતે આરોગોને હે પુન્યશાળી. આવો૦ ૨
પ્રાણાર્પણ બીડું પાનનું માનો, જુક્તિ મુક્તિ ચૂનો કાથો બે જાણો;
શાન્તિ સોપારી જમો જયશાળી. આવો૦ ૩

સાખી.

અમ આળસથી વેઠીયું, ઘણા દિવસ ત્હેં દુઃખ;
સુખ શાન્તિ ભોગવ હવે, ભાવે ટાળી ભૂખ—
સમૂળે સેવક સંકષ્ટ કાપો, **અમીધર** આનંદે જય જય આપો;
અભય સ્થાપોને સહુ ભય ટાળી. આવો૦

૬

(**સોરઠ**—ત્હેં તો ઘટમાં ઘર કીધું વ્હાલમ વરણાગીયારે—**એ રાહ.**)
સાધક ? ભક્તિદેવી વિણ ભટકે જીવ ભવફેરમાંરે, સાધક. ટેક.
કષ્ટ સહન કરી પહોચે પાસે, આવાસે રહી ચરણઉપાસે;

સુખરવિ ઉદય થાશે (તેને) દુઃખ અંધેરમાંરે. સાધક. ૧
દ્હેલું ચિત્ત છે વાટે ઘાટે, લેખ લખેલ હશે શું લલાટે;
દેવી છે દૂર માટે નહિ ત્રણુ તેરમાંરે. સાધક. ૨
તે અર્થે જે જપ તપ કરશે, તેને જે જન ધ્યાને ધરશે;
તે ભવસાગર તરશે **અમીધર** મ્હેરમાંરે. સાધક. ૩

૭

નમીયે જગતકર્ત્તા, શ્રીધર ગિરિવર કરધરતા. દુઃખોહરતા. નમીયે.
ભક્તજનો ભય ટાળી અભય થઈ, ભવોદધિ તરતારે. જગત. ૧
આપ કૃપા વિણુ જન કોટિ અહીંયાં, જન્મી અને મરતારે. જગત. ૨
પ્રેમી પંથીડા પ્રીતીના પહાડે, પહોચી આપને વરતારે. જગત. ૩
અમીધર ઇશ્વર મનમંદિરમાં, અમિરસને ભરતારે. જગત. ૪

૮

શિર નટવર ચરણે નમાવો. નમાવો શિર.
રાધેરમણાજીની રમ્યમૂર્તિ હૃદયમંદિરમાં રમાવો, ઠરાવો. શિર. ૧
કામ ક્રોધ મદ લોભને મારી, ભક્તિભુવનથી હઠાવો, નસાવો. શિર. ૨
અરસ પરસ મળી હેતે હરીજન ગિરધર ગિરધર ગાવો, ગવરાવો. શિર. ૩
અમીધર ઇશ્વર ઉરઉરવીમાં, નાનકડાને નચાવો, નચવાવો. શિર. ૪

૯

(**ધનાશ્રી**–આડ પંજાબી.)

સહુને જય શ્રીહરી, સ્નેહે સહુને જય શ્રીહરી.
રાગી ત્યાગી બાઇને ભાઈ, કહું છું હું કરગરી. સ્નેહે. ૧
અમીધર ઇશ્વર સહુમાં સરખો, એ પંથાનુસરી. સ્નેહે. ૨

૧૦

નટવરજી ગિરિવરધરજી સુખકરજી હો શ્રીવરજી-
વૈકુન્ઠના વાસી, હરજી સુણો અરજી રે જી...હો...જી.
કુબ્જા ઉગારી વ્હાલા પ્રાણથી પ્યારીરે, પુતનાને મારી- ગિરિવર૦
ગરવ ઉતાર્યો વ્હાલા મામાને માર્યોરે, અંતે ઉદ્ધાર્યો- ગિરિવર૦
તાપોને કાપો વ્હાલા આનંદ આપોરે, સ્થિરતા સ્થાપો- ગિરિવર૦
નુગરાં શું જાણે વ્હાલા મહીમા પિછાણેરે, જાણે તે માણે- ગિરિવર૦
લક્ષમાં લેજો વ્હાલા દર્શન દેજોરે, **અમીધર** ઉર રહેજો- ગિરિવર૦

૧૧

(શિરપર ગાગર કરધર—**એ રાહ.**)

નટવર નાગર ગિરિધર શ્રી વ્રજલાડીલો સખી જોવા ચાલો,
નખશિખ સુંદર મન્મથ સમ સખી શોભિતો વાંસલડીવાળો;
કાનૂડો કાળો નંદલાલો વ્રજવ્હાલો ઠગ ઠાલો—
ગોવાળો કાળો. નટવર નાગર. ૧
અટક અટક મગ ટોકી દે છે, ભટક ભટક વન રોકી રહે છે;
ચટક લટક ચિત ચોરી લે છે, મટક મટક હૃત્ કોરી લે છે,
ગટપટ ચાલી કાલી ઠાલી વાણીથી મહી લે મતવાલો—
અમીધર ઉરમંદિર વસિયો વ્રજરાજ એ રસીયો રઢીયાળો.
નટવર નાગર. ૨

૧૨

(**ધનાશ્રી.** અદા.)

શાણા સ્મરી લે હરી, નિશદિનરે સમજી સેવ્ય શ્રી હરી. શાણા. ટેક.

પિન્ડ પડી જાશે ઘડી પળમાં, કાળ રહ્યો કોપી છળકળમાં
તેથી તું ડરી. શાણા, નિશદિનરે. ૧
વિત સુત દારા માન્યું મ્હારૂં, કોણ તપાસી જો છે ત્હારૂં;
દષ્ટી ભરી. શાણા, નિશદિનરે. ૨
ઇષ્ટ સાધવા કરિ લે યત્ન, માનવદેહ છે મોઘું રત્ન;
મળે ના ફરી. શાણા. નિશદિનરે. ૩
સંશયરૂપ ગ્રહી કર સોટા, ગબડાવે કાં ગરબડ ગોટા;
હાથે કરી. શાણા, નિશદિનરે. ૪
વિષયચાકડે ચ્હડી ભમામાં, **અમીધર** ઇશ્વિર અંત સમામાં;
દઢતા ધરી. શાણા, નિશદિનરે. ૫

૧૩

(**માલકોશ**—પંજાબી.)

કબ પ્રભુ નામ પુકારહુ અંધા. કબ. ટેક.
પુકાર કરીકે અજામિલ પાપી, ફેડ ગયો ભવફંદા. કબ૦ ૧
પ્રભુકોં પુકારે બિન યદ્યપિ પ્રતાપી, દુઃખી ભયો દશકંધા. કબ૦ ૨
નામ સુમરનતેં યહ પદ પાવહુ, જહા ન ભાસત સૂરચંદા. કબ૦ ૩
આગિલ ધંધા પાછિલ ધંધા, બિચમેં લગાદે યહ છંદા. કબ૦ ૪
યહ નરતન પુનિ પુનિ નવ પાવહુ, સમજ સમજ મતિમંદા. કબ૦ ૫
અમીધર ઇશ્વિર પદપંકજ મૈં, રહો મમ મનંમકરંદા. કબ૦ ૬

૧૪

અહિં જન્મ પામી અરરરરર જીવ ત્હેં શું કીધું રે. ત્હે શું.
મનુષદેહ વાર વાર, મળશે નહિં ધાર ધાર;
કર વિચાર સાર સાર તો તો સહુ સીધું રે સહુ સીધું રે. અહીં. ૧

શોધ્યું નહિ નિજ સ્વરૂપ, જોયાં જોયાં વિષયરૂપ;
ગંગાતટ ખોદી કૂપ પાણી વ્યર્થ પીધું રે વ્યર્થ પીધું રે. અહીં૦ ૨
ઉભય ભ્રષ્ટ આમ આમ, થઇ ગયો તું ઠામ ઠામ;
અમીધર પ્રભુ રામ નામ, લીધું નહિ દીધું રે નહિ દીધું રે. અહીં૦ ૩

૧૫

(મોરી તો સુંદરવા સૈયાં લાલ—કાનડો.)

સતસંગ કરી લે મનવા સાધુના સંગે.
સાધુના સંગે સાધક ઉરના ઉમંગે. સતસંગ. ટેક.
સરવ સાધનનું ફળ સતસંગ છે, સતસંગનું મૂળ સાધુસંગ છે;
અમીધર સુખપ્રદ ઉભય લોકમાં, સતસંગત્ ચઢતાં રંગ અંગે. સત૦

૧૬

ભજ મન નિશદિન સીયારામને,
રામને રામને રામને.......ભજ મન૦ ટેક.
ભાવે અભાવે રાગે દ્વેષે, હરતાં ફરતાં દે નામને. ભજ મન૦ ૧
હર હર અંત સમે જાવું એકલું, તજી તન ધન ઘરગામને. ભજ૦ ૨
અમીધર રવિ શશિ જ્યાં નહિ ભાસે—
પામીશ તેનું ધામને. ભજ મન ૩

૧૭

તનખેતર ત્હારૂં પાકયું જીવડા લે તું લણી;
સેતું લણીરે સમજી સેતું લણી. તનખેતર. ટેક.
આવરદા કેરી વાડયો અંતસ ઓજાર છે રે;
હરિ નામ બીજડાં કેરી કરી વાવણી, હા હા કરી. તન૦ ૧

મદ ને મમતારૂપ મૃગલાં ચારો ચરે છે રે;
ઝીણી નજરેથી જો જે ખરે તે ભણી, જો જે ખરે તે૦ તન૦ ૨
ભેળાવા ખેતર તાકે કાળો ભરવાડીયો રે;
છોડ છે વૈરાગ્યરૂપી કર કાપણી, હા હા કર૦ તન૦ ૩
શ્રદ્ધાકોઠાર માંહી જ્ઞાનરૂપ દાણારે;
વ્હાલા વિવેક ભરજ્યે ગણીરે ગણી, બાપુ ગણી૦ તન૦ ૪
ભુખિયાં દુખિયાંને દાણા **અમીધર** આપજેરે;
હવે તું થયો છે ધીંગો ધણીરે ધણી, સુણ સુણ ધણી.૦ તન૦ ૫

૧૮

તનદેવળ બેઠુ હંસા ત્હારૂં જવારે દુટી. જવારે૦ તન૦ ટેક.
પાયોને પાયો બેઠો પડવા ધ્રૂજીનેરે;
શિરરૂપી શિખર બેઠું જવારે ફુટી, હા હા જવા૦ તન૦ ૧
શિરના ઉપર જે કાળું મુકયું હતું થાણુંરે,
ધોળું થાણું આવ્યું માર્યું કાળાને કુટી, કાઢયું કાળાને૦ તન૦ ૨
મુખના દરવાજા માંહે મુકયા હતા રક્ષકરે;
ખરેખશ ચાલ્યા ધીરે ધીરે તે ઉઠી,અરરર ધીરે તે૦ તન૦ ૩
દેવળ પડતામાં સર્વે પાયમાલ થાશેરે,
નિશાનીમાં રહેશે નહિ ખીલોકે ખુંટી, હા હા ખીલો૦ તન૦ ૪
દેવળ અમર થઈ જાવા ગુરૂ **અમીધર** કહે ગોતી,
રામ નામ બૂટી પી લે ઘુંટીરે ઘુંટી,તો તો જશે ના દુટી. તન૦ ૫

૧૯

છે પાણીનો પરપોટો તનડું નહિં તો ટકે.
નહિં તો ટકેરે મનવા રહીશું શકે. છે પાણીનો૦ ટેક.

આશાપટ બાજી રમતાં સ્નેહનાં સોગટાંરે,
પ્રપંચના પાસા ઉંધા પડ્યા શું બકે, થાયે કેમ શું૦ છે પાણી૦ ૧
માયાધુણીના ગોટા કેરી જેવી છાયારે,
મધુપાન પી મમતાનું કેમ તું છકે, મસ્ત થઈ શું છકે૦ છે પાણી૦ ૨
જેવી છે કરણી તેવી પાર ઉતરણી રે,
એવો ડર રાખી માથે ચાલવું હકે, હા હા ચાલવું૦ છે પાણી૦ ૩
અવસર આવ્યો છે હાથે મોંઘો **અમીધરજી** માટે,
ધણી ઉર ધારી મારો કાળને ધકે, તો તો તનડું ટકે. છે પાણી૦ ૪

૨૦

(સારંગ—અડધી દીપચંદી.)

રામ રટ મન રામ રટ મન, રામ રટ મન રામ રે;
દામ ધામ દમામ આદિ, નકામ છે એ તમામ રે. રામ૦ ટેક૦
વ્હાલી વ્હાલી વિષની પ્યાલી, મ્હાલી નવ ધર મુખ રે;
શાન્તિસાગર સ્નાન કરી લે, થાય સર્વે સુખ રે. રામ૦ ૧
દિલનું ધાર્યું નવ બને તો, થાય દારૂણ દુ:ખ રે;
ભજન ભોજન જમિને ભાવે, ભાગ્ય ભવની ભૂખ રે. રામ૦ ૨
વીર ધરિને ધીર જો સૌ, ઝાંઝવાનું નીર રે;
અંતમાં **અમીધરજી** સાચા, એક શ્રી રઘુવીર રે. રામ૦ ૩

૨૧

માનિ છે મન માનિ છે મન, સાચિ કાચિ સગાઇરે;
પંખીડાંનો મેળો ભેળો, કેમ રહેશે ભાઇ રે. માની૦ ટેક. ૧
બાળિયા કો દાટીયા કો, ઘોર માંહી ઘાલીયા;

ભોગિ યોગ વિયોગથી કો, યોગી થઇ વન ચાલીયા. માની૦ ૨
માત તાત ને ભ્રાત સર્વે, સાથને સંગાથ રે;
હાલે ચાલે હાથથી પણ, દોરી નાથને હાથ રે. માની૦ ૩
ભોગ ભોગવિ ભોગના, કરવો ન હોય વિયોગ રે;
અમીધર ગિરિધરજી ભજતાં, રહે સદા સંયોગ રે. માની૦ ૪

૨૨

(આશાવરી—દીપચંદી.)

સારા વિચારો સેવો નર, સારા વિચારો. સારા૦
સારા વિચારે ઇષ્ટ સધાશે, પોતે તરો ને બીજા તારો;
વિચારો નર સારા૦ સારા૦ ૧
સારા વિચારો સેવતાં, નર નારાયણ રૂપ;
ખોટા વિચારો સેવતાં, પડશો આ ભવકૂપ,
ઉગરવાનો નથી કોઈ આરો, વિચારો સેવો. સારા.૦ ૨
કુદરતમાં અથડાટ તે, સરખું બેનું માપ;
સરસ નરસ પુન્ય પાપ છે, **અમીધર** ઉરમાં આપ,
ગુરૂજી ધારો સારા વિચારો. સારા. ૩

૨૩

ગુરૂવિના ગુપ્ત ભેદ નહિં બીજે મળે રે,
ગુરૂ મળે ગૂઢ ગ્રંથી હૃદયતંત્રની ટળે રે. ગુરૂ. ટેક.
જપ તપ કરી તીરથ ફરે, દેવળ દેવળ દર્શન કરે;
વિવિધ કર્મકાંડ કરે, તોહે શું વળે રે. ગુરૂ. ૧
યોગ યજ્ઞ ઉલટી જાય, મંત્ર તંત્ર વ્યર્થ થાય;

ગુરૂકૃપા વિણુ સર્વે અફળ, ફળ નહિ ફળે રે. ગુરૂ. ૨
અમીધર ગુરૂ કૃપાપાત્ર, દેવ દનુજ મનુજ માત્ર;
બ્રહ્મના આનંદમાં આનંદથી ભળે રે. ગુરૂ. ૩

પ્રથમ ભાગ સમાપ્ત.

ભાગ બીજો.

૨૪

રામ રટ્યા જેને રીતમાં રે, જય શ્રી કૃષ્ણ,
તે પ્રભુ જન ને છે પ્રીતમાં રે જય શ્રી કૃષ્ણ;
ધન્ય એ દ્વારને રે ધન્ય નર નારને રે;
હરીનું ચીંતન કર્યું હિતમાં રે જય શ્રી કૃષ્ણ. ૧
ધન્ય એના કર્મને રે, ધન્ય એના ધર્મને રે;
જીત્યો જે જગ ઝગડાની જીતમાં રે, જય શ્રી કૃષ્ણ. ૨
ધન્ય એની માતનેરે, ધન્ય એના તાતનેરે;
અમીધર ગિરધરને ગાયા ગીતમાં રે, જય શ્રી કૃષ્ણ. ૩

૨૫

આજે ઉરમાંહી આરામ છે રે મ્હારે મ્હારે,
વ્હાલાને દંડ પ્રણામછે રે વારે વારે;
અંતરયામી છે સહુના સ્વામી છે,
જાનકીજીવન રામ છે રે પ્યારે પ્યારે, આજે. ૧
લક્ષમાં લેશે પ્રભુ દર્શન દેશે રે;

ચરણકમળ અભિરામ છે તે તારે તારે, આજે. ૨
પૂરણકામ છે રે, સુખના ધામ છે રે;
અમીધર પ્રભુ અંતના વિશ્રામ છે તે ગારે ગારે, આજે. ૩

૨૬

જય નટવર ગિરિવરધા...રી, છો સેવકને સુખકા...રી;
છો અમીધરજી હિતકા...રી, છો હરીજનના સુખકા...રી. જય. ૧
અમને લ્યો આ ભવતા...રી, અમને લ્યો અહીંથી ઉગા...રી. જય. ૨
મોરારી, ગિરિધારી, સુખકારી, દુઃખહારી,
જાઉંવારી, લે તારી, ઉગારી, ભવવારી. હા..............જય. ૩
રણછોડરાયની બલિહારી, ગોવિંદ માધવ ગિરિધારી;
જેને ગોકુળ ગામની ગાય ચારી, જેને સંતોની વૃત્તીઓ સૂધારી.
જેની ધુન્યમાં સમજે સંસ્કારી, જેને ગોકુળની ગોપીઓ ઉદ્ધારી;
જેની ભકિત ત્રિલોકને તારનારી, ઋષિરાજ વ્રજરાજપર બલિહારી.
સુખ કરજ્યો, દુઃખ હરજ્યો, શિરકર ધરજ્યો લે તારી બલિહારી.
જય નટવર ગિરિવરધા......રી......છો સેવક. જય નટવર. ૪

૨૭

રાધારમણા ગિરિધારી, છોજી અમીધર હિતકારી;
છોજી હરીજન હિતકારી, સુંદર મોરલી મુખધારી. ૧
હમને લ્યો આ ભવ તારી, છોજી સેવક સુખકારી;
છોજી **અમી**ધર હિતકારી, રાધારમણા ગિરિધારી. ૨

૨૮

ગોવિંદ ગિરિવરધારી, સુંદર સુખકારી;
મોહન મોરલી ધારી, હરીજન હિતકારી.

કામીને જેવી કામીની પ્યારી, એવી અવિચળ રહેજ્યો યારી,
વ્હાલમજી શું દેશો વિસારી—
અખંડ આનંદકારી, રહો ઇન્તેજારી. ગોવિંદ. ૧
ચંદ્ર ચકોરને જેવી પ્રીતી, મેઘ મયૂરની જેવી રીતી;
સૂમ તણી ધન સહ જેવી સ્થિતી-
ચાતક સ્વાતીવારી—એવી રહો યારી— ગોવિંદ. ૨
અઘટિત ઘટના નિરખું ત્હારી, આ ભવમાં ભટકું છું ભારી;
એ થકિ લ્યોને મુજને ઉગારી—
અમીધર અરજી ધારી—ત્રીકમ લ્યો તારી. . ગોવિંદ. ૩

૨૯

હાલો ભાઇયો હરીના પુરમાં જઇયે રે—
નિર્મળ ગંગામાં નાહીયે રે મિઠડા મોહનને કાજે.
હે... વ્હાલા રે વૃજમાં વાસો વસીને, સુખ આપ્યું વૃજરાજે. હાંરેબાપુ.
પહેલેથી પ્રીત દેખાડી પછે, અમને દગો દીધો દગાબાજે રે.......
દહીં દુધ દઇને જેને ઉછેર્યો (૨) અળગો થયો તે આજેરે. હાલો. ૧
હે......ગાયોને ચારતો ગોવાળીયો તે, ગાદી પતી થઈ ગાજે,
મોરના મુકુટને વિસારી મેલ્યો, મનકું મોહ્યું શિરતાજે રે,
આગળ બોલાવીને પાછળ પાડ્યાં (૨) મીઠું બોલી મહારાજે. હાલો. ૨
હે...માંકડાંને લઈ માંખણ માગી ખાતો તે, રાજા બનીને બિરાજે,
મોતીને માણક પહેરવા મળ્યાં હવે, રાતી ગુંજાથી કેમ રાજે રે.
ભોળા ભરવાડીયાને રાજ્ય મળ્યું માટે (૨) લાકડી ને કાંબળાથી
લાજેરે. હાલો. ૩
હે...સાચું રે બોલવાના સમ લઈ ખાધા છે, બેઠા છે જુઠના જહાજે.

વિસર્યું દુઃખ અને વૈરી થયા પણ, છાપરાનું છાજ નહિ છાજે રે.
અમીધર ઓશીયાળાં નથી કાંઇ આપણે (ર)કાઢ્યા નથી ટકા
વ્યાજે રે. હાલો. ૪

૩૦

મનહર મોહન મીઠડા લાલ, આવોને જમવા જીવણલાલ.
ધીરે...હા...ધીરે...હા. ધીરે....હા....ધીરે—
ચાલી ચટકતીરે ચિતહર ચાલ— આવો. મનહર. ૧
આવો ના દમ ખાવો હરખાવો હરખાવો—
નેહેથી ન્યાળીને થઉં છું હું ન્હાલ— આવો. મનહર. ૨
પૂરી મધુરીની પૂરી છે બ્હાર, કહાના કીધો કોડે કોડે કંસાર;
વહાલા વધાર્યા મ્હેં વહાલેથી વાલ— આવો. મનહર. ૩
સુંદર સુખકર સુખડાં કર્યાં છે, ભંડાર માંહી લાવી ભર્યાં છે;
તેનો તપાસોને કેવો છે તાલ. આવો. મનહર. ૪

સાખી.

વ્યંજન સર્વ વધારીયાં, ચિત્વન નહિં કંઇ ચૂક;
ઉતાવળ કરતાં અરે, દિશ જશે અથાક—
જમવામાં જોજે જી રાખતા કમ, માગીને લેજોજી મ્હારા છે સમ,
સર્વ સામગ્રીનો મોંઘો છે માલ, આવો. મનહર. ૫
કેશરમય જમી કેશવપાન, દેજો **અમીધર**જી શાંતિનું દાન;
જાગે જેથી ફરી જગ જંજાળ. આવો. મનહર. ૬

૩૧

જમોને જુગદાધાર, જીવણ જુગતે જમાડું,
જુગતે જમાડું રે જીવણ જુગતે જમાડું,

હૈયા કેરા હાર હરી હેતે જમાડું,
પ્રાણના આધાર પ્યારા પ્રીત પમાડું,
ઉરના આધાર મ્હારા રંગે રમાડું,
રંગે રમાડું રસીલા રંગે, જમો૦
પ્યારથી પ્યારા પૂરી કીધી શાક છટાદાર;
પાતળીયા થાળ પ્રીત કરીને, પીરશ્યો પ્રાણાધાર. જમો૦ ૧
મોહન ઉન્હા દુધમાં મ્હેં તો, સાકર નાંખી સાર,
આરોગોને અંતરયામી, માનીશ આપ આભાર. જમો૦ ૨
વ્હાલા વાળ્યું બીડું જમો, પાન તણું કરી પ્યાર,
ઉંધે ઘેરાય છે આંખલડીયો, શાથી કરો હવે વાર. જમો૦ ૩
વ્હાલમ ગઇ છે રાતડી વીતી, શાન્ત થયો સંસાર,
અમીધર પ્રભુ પોઢો આનંદે, વંદું વારંવાર. જમો૦ ૪

૩૨

દીન તણા છો દયાળ પ્યારા રામ પ્યારા રામ પ્યારા રામ રે.
કરજ્યો કૃપારે કૃપાળ મ્હારા રામ મ્હારા રામ મ્હારા રામ રે,
આ ભવ દરીયો દુઃખનો આંહી, મચ્છતીમીમદ મચ્છર જ્યાંહી;
તેટલું નારે તિમિંગળ ત્યાંહી—પાર ઉતારોને તારો તમે તત્કાળ;
સીતારામ સીતારામ સીતારામ રે. દીનતણા. ૧
આરતની અરજી ઉરધારો, વીઠુલ આપનું બિરૂદ વિચારો;
વ્હાલા **અમીધરજી** ન વિસારો, ભક્ત તણા પ્રતિપાળ.
પૂરણકામ પૂરણકામ પૂરણકામ રે. દીનતણા. ૨

૩૩

કાનુડે અમને કરીયાં કામણ કંઈ કંઈ કંઈ, કાનુડે. ટેક.

જ્યાંરે જોઉં ત્યાં ત્યાં નજરે નિહાળું રે,
નાથ વિના બીજું નહિ નહિ નહિ. કાનુડે. ૧
ઘર ને બહારમાં તો ઘડીયે ના ગોઠે રે,
ઘ્હેલુડી બની હું તો ગઈ ગઇ ગઇ. કાનુડે. ૨
ચટકે ને લટકે મ્હારૂં ચિતડું ચોરીને રે,
લટકે લીધું છે લાલે લઈ લઈ લઈ. કાનુડે. ૩
દાસી દયાળુની હું બિનદામની રે,
હારી થાકીને હવે થઈ થઈ થઈ. કાનુડે. ૪
પ્રેમકુવામાં પાસી વરતને વાઢયો રે,
દિલથી દિલાસો અમને દઇ દઈ દઈ. કાનુડે. ૫
અમીધર ઉર માંહી વસિ હસીને રે,
છબી છબીલાની રહી રહી રહી. કાનુડે. ૬

૩૪

જય જય નોધારાના આધારા રે,
સીતાપતી છો પ્રાણ અમારા હાંરે સીતા.
હે...જન્માની પહેલાં પયોધરની માંહ પ્રભુ,
દેખાડી દુધની ધારા, હાંરે પ્રભુ.
અગ્નિની હોળીથી અમને ઉગાર્યા,
એવા જઠરાથી જાળવનારા રે. સીતાપતી. ૧
હે...નાંરદ શારદ વ્યાસ વિશારદ,
ગાવે સદા ગુણ્ણા ત્હારા. હોરે:પ્રભુ.
સુખ કરનારા દુઃખ હરનારા,
એવા અમીધર ઉર રહેનારા રે. સીતાપતી. ૨

૩૫

જય જય જય જગરાયા.........રઘુરાયા.
જય પ્રેમીપંકજભાનુ, વનદનુજદહનકૃશાનુ;
જય દારિદ્ર દુઃખહારી......અસુરારી. જય જય જય. ૧
જય અખિલ વિશ્વ વિખ્યાતા, જય સેવકને સુખદાતા;
જય હરીજન હિતકારી......જાઉં વારી. જય જય જય. ૨
જય હંસવંશઅવતંસા, મનશંકરમાનસહંસા;
ધો કામ ક્રોધ મારી......જયકારી. જય જય જય. ૩
પ્રભુ કૃપા કટાક્ષજ કરજ્યો, **અમીધર** અરજી ઉર ધરજ્યો;
હરજ્યો ભવ ભય ભારી......સુખકારી. જય જય જય. ૪

૩૬

ભક્તવચ્છળ ભગવંત કમલાકંત (૨) કમળાકંતરે,
અંતરયામી અનંત કમળાકંત (૨) કમળાકંતરે,
આર્યભૂમિરૂપ ગૌ હું દુઃખી છું, સંતોની સેવાથી કંઈ સુખી છું;
ધર્મનું ઘાસ નાંખો હું ભુખી છું,
શરણાગત રખવંત, હે શ્રીમંત (૨) હે શ્રીમંતરે. ભક્ત ૧
સેવકનાં કષ્ટ સમૂળાં કાપો, ત્રિવિધિ તાપોને ઈષ્ટ ઉત્થાપો;
અમીધર આર્યોને જય જય આપો,
ખાંતેથી રાખીને અંત, હે જયવંત (૨) હે જયવંતરે. ભક્ત. ૨

૩૭

ભજ તું ભાવ ધરી મન ભયભંજન ભગવાનને,
તજ તું ત્હારાં તર્ક વિતર્ક તણાં તોફાન;
સજ તું સ્યામસુંદર સંગાથે સાચી સ્નેહતા,

રજ તું રાખ્ય હૃદયમાં સુરૂચિ સાથે સાન. ભજ તું. ૧
મ્હેલી માન મોહ મમતા મત મુખરી મૂર્ખતા,
ઠેલી ફૂડ કુટિલતા કામ ક્રોધ કંકાસ;
છેલ્લી જલાંજલી દે છળઆદિ કુકૃત્યને,
બેલી કર ઝટ બળીયા બદ્રિપતિને ખાસ. ભજ તું. ૨
જા તું જગજીવનના શરણે ચટપટ ચેતીને,
ગા તું ગોવિંદના ગુણ ગાન બની ગુલતાન;
થા તું લીન સદા પ્રભુપદમાં લગનિ લગાડીને,
ભાતું બાંધ ભલું પરભવનું લાવી ભાન. ભજ તું. ૩
કરિશ ન એવું કામજ ત્યાં લગી અક્ષરધામને,
વરિશ ન કહું છું તુજને તાળી વગાડી વાત;
તરિશ ન ભીમ ભવોદધિ તું કરણિતરણિ વિના,
હરિશ ન હરકત ભવભ્રમણાની તું ખરેખાત. ભજ તું. ૪
બાજી છેલ્લી સુધાર તું રે બાપુ સમજુ બની,
લાજી પાજી પણાની ટેવ છોડ દઈ લક્ષ;
ગાજી ગાજી ગાને પ્રભુ ગુણ એથી સહેજમાં,
રાજી થઈ **અમીધરજી** પ્રભુ થશે પ્રત્યક્ષ. ભજ તું. ૫

૩૮

ચિતડલા ચંચળતા તજી દેજે,
હાંરે રાજી રામ રટણમાં રહેજે. ચિતડલા. ટેક.
કડવું કઠોર કથન કોઈ જનને,
ક્રોધ કરી નવ કહેજે, હાંરે હાંરે કદી.
દિલમાં દાખી દયા દીન પ્રાણિને,

દાન અભયનું દે જે. ચિતડલા. ૧
વિશ્વવિનાશક વિસરી વિચારો,
તર્ક વિતર્કે ન વહેજે. હાં રે તું તો.
સદ્દગુરૂ શબ્દોની સત્ય સાનથી,
રહેજે સુખ દુઃખ સહેજે. ચિતડલા. ૨
લેખ લખેલ લલિત આ લક્ષમાં,
લાવી લગાવી લેજે. હાં રે લક્ષે.
ઋષિરાજ રટતાં હૃદયમાં,
અમીધર એકજ એ છે. ચિતડલા. ૩
તું...હું...હું...તું તનમાં તપાસતાં,
જેમનું તેમજ છે જે;
વાણી વિચારો વિરમિ રહ્યાં હવે,
આનંદ આનંદ છે રે. ચિતડલા. ૪

ૐ

મનડા ભજરે ભજ માહરા મુરારી, મનડા જપરે જપ માહરા૦
સેવકસુખકારી દારિદ્રદુઃખહારી, હારી૦ મનડા. ૧
જપો જપનારી, રાઘવરટનારી,
અહલ્યા ઉગારી ચરણશિરધારી, ધારી. મનડા. ૨
ધ્યાન ધરનારી ગોવિંદને ગાનારી,
મીરાંબાઈ તારી રાણાકેરી નારી, નારી. મનડા. ૩
જેની છે ભક્તિ ત્રિલોક તારનારી.
એને **અમીધર** ઉચ્ચારી ઉચ્ચારી. મનડા. ૪

૪૦

જગમાં જન્મી શું કીધું, રળી રામ નામ, નવ લીધું તો. જગ.
જનુની જઠરે કરી વાસ, દીન દશ માસ, દુઃખ ત્હેં દીધું. જગમાં ૧.
તજી સુધા તણો રસ સાર, ખરેખર ક્ષાર, પાણી ત્હેં પીધું. જગમાં. ૨
અમીધર પ્રભુ સહકર પ્રીત, રાખ્ય એ રીત, તો તો સહુ સીધું. જગમાં. ૩

૪૧

રઘુપતિનું રટણ કરી આ ભાવથી તરવું ભલું,
સીતાપતી મ્હારા પ્રાણપતીનું ધ્યાન રૂદે ધરવું ભલું;
જાપ જપી પરિતાપ તજીને પાપ થકી ડરવું ભલું,
આરે **અમીધર** વિનતિ વિચારી ધારીધારી ફરવું ભલું. રઘુ૦ ૧

૪૨

આવો આવો સજ્જન સહુ આવો, ગાવો ગાવો ગોવિંદ ગુણ ગાવો.
લાભ માની લલનામાં લ્યો છો રૂડો લ્હાવો,
માત તાત ભ્રાત અંતે કોણ છે બતાવો બતાવો. આવો૦ ૧
દિન માંહી દશ વાર કરે મ્હોત દાવો,
ગયો કાળ ફરી નાવે બાપુ તે બચાવો બચાવો. આવો૦ ૨
રંક પ્રાણીયોને રંચ સ્હેજ ના સતાવો,
સાધુ સંત દેખી શીષ નેહથી નમાવો નમાવો. આવો૦ ૩
જમવાનું હોય ત્યાં તો દોડ્યા દોડ્યા જાવો,
અમીધર ભજન માંહે શિદને શરમાવો શરમાવો. આવો૦ ૪

૪૩

હાંરે પુન્ય ઉદય પામે, તેને ભક્તિ આવે આવે,
યોગી તણો યોગ મળે, જ્ઞાનના હીમાળે ગળે;

બળે પાપ પૂર્વ તણાં, તેને ભક્તિ ભાવે ભાવે. હાંરે પુન્ય. ૧
વાદ ને વિવાદ ટળે, પોતાનું બોલ્યું ફળે,
ચળે નહિ ચિતડું ગોવિંદ ગુણ ગાવે ગાવે. હાંરે પુન્ય. ૨
બેભાનના જેવો દીસે, ભાન ભગવાન વિષે;
પીશે તે પ્રભુ રસ અને બીજાને પાવે પાવે. હાંરે પુન્ય. ૩
અમીધર જેવો થઇને, રાગથી વિરાગ રહીને;
કહો પછે જઇને કેને, શિર જઇ નમાવે નમાવે. હાંરે પુન્ય. ૪

૪૪

હેત કરી કરીને જોડું જય દૃય હાથ,
ગુરૂજી હૃદયે રહેજો.
નામું ધરી ધરીને મસ્તક ધરિણિ સાથ,
ગુરૂજી હૃદયે રહેજો.
કૈક કાળથી ખોળ કરંતાં,
સહેજે ભેટ્યા સ્યામ—રામ કૈક.
કેમ વિસારૂં કહો ને ગુરૂજી,
સેવકના સુખધામરે. ગુરૂ. હેત. ૧
મળિયા મળિયા મળિયા સુજને,
અંતરયામી આપ—રામ.
ટળિયા ટળિયા ટળિયા તનના,
તાતા ત્રિવિધિના તાપ રે. ગુરૂ. હેત. ૨
તવ ચરણે સહુ તન મન ધન છે,
ભક્તવચ્છળ ભગવાન—રામ.
શરણાગતને શરણે રાખો,

દઈ અભયપદ દાનરે. ગુરૂ. હેત. ૩
રસ્તે જાતાં રતન ચિંતામણિ,
મળી આવ્યું મુજ આજ—રામ.
અમીધરજી શિર ઉપર સ્વામી,
રાજા બિરાજે ઋષિરાજરે. ગુરૂ. હેત. ૪

૪૫

જય જય નોધારાના આધારા પ્રભુજી મ્હારા,
સેવક સુખકરનારા પ્રાણ પ્યારારે.
ધ્યાન તમારાં નથી ધરીયાં, પ્રભુજી.
કૂડાં કરમ બહુ કરીયાં. પ્રાણ પ્યારા રે. ૧
દુષ્ટ કર્મે મ્હેં વાળ્યો દાટ, પ્રભુજી.
જાણું નહિ પૂજા પાઠ. પ્રાણ પ્યારા. રે. ૨
મિથ્યા માયામાં સુખ માણું. પ્રભુજી.
વ્હાલા ન જપ તપ જાણું, પ્રાણ પ્યારા રે. ૩
ભક્તિ પ્રમાણે જ્ઞાનભૂપ, પ્રભુજી.
સમજાણું આપનું સ્વરૂપ. પ્રાણપ્યારા રે. ૪
જેવો તેવો છું હું તમારો, પ્રભુજી.
નાથ ન કરશો હવે ન્યારો. પ્રાણપ્યારા રે. ૫
બિરૂદ બાનાનું જોરે જાશે, પ્રભુજી.
તો તો લોકોમાં હાંસી થાશે. પ્રાણપ્યારા રે. ૬
વડાઈ આપની વિચારો, પ્રભુજી.
ભવજળથી **અમીધર** તારો. પ્રાણપ્યારા રે. ૭
(સ્વરૂપ માર્ગે વહેતા સાધકનો પશ્ચાત્તાપ.)

૪૬

ઇશ્વરની માયા રે મેં ના વિલોકી,
ઇશ્વર હૃદયમાં રહ્યો ન રોકી. ૧
દહાડો ને રાત્રી મેં ના વિચારી,
સાધી સમાધીન સર્વે વિસારી. ૨
સાધી સુસંધ્યા મેં ના તટોમાં,
કીધી ઝુંપડલી ન ગંગા વટોમાં. ૩
વ્હાલી વિભૂતી મેં ના લગાવી,
અમીધર અલેખો ન ઉંડી જગાવી. ૪

૪૭

(સ્વરૂપાનુસંધી સમયે જીવાત્માનો દ્રષ્ટા તરીકે
અંતઃકરણ તરફ વિરાગ.)

(રાગ હીંડોલ અગર પાહાડીમાં.)

હતું ત્યારે સહુ મ્હારે, નથી ત્યારે કંઇ મ્હારે;
હતું તે સાથ કંઈ નાવ્યું, છતાં તેમાં શું લલચાવું. ૧
કહો ક્યાંનો હું તે ક્યાંનાં, હતાં મુજથી એ અણજાણ્યાં;
મ્હને શાથી મળ્યાં આવી, કરી યુક્તી કને આહાવી. ૨
મળિ જઇને શું મમતાથી, રમાડયો કહો મ્હને શાથી;
છુડાવો કોઈ આ ગ્રંથી, મળ્યાં સહુ પંથમાં પંથી. ૩
ઘડિ વિશ્રામ ચાલ્યો લઇ, સગાઇ એટલે શું થઇ ?
ક્રિયા હકથી પછાડી તે, જુવે નિજ આંખ ફાડીને. ૪
ગઇ કે રહી કંઈ વસ્તુ, ગમે તે હો હવ અસ્તુ;
કહે **અમીધર** જી “ **किंबहुना** ” વહ્યાં રસ્તે સહુ સહુના. ૫

૪૮

(હીંડોલ–સ્વાત્મોક્તિ.)

ખટપટ મેલ મેલ મનતું. (૨)
રાયતણો રંક થાય, રંક તણો રાય થાય;
બનવાનું બન્યે જાય, ભજરે ભજ ભગવાન તું. ખટપટ. ૧
છોડ સ્નેહ સંસારથી, કાંઇ તેમાં સાર નથી;
અમીધર વિચારથી, સત ચિત્ત આનંદઘન તું. ખટપટ. ૨

દ્વીતીય ભાગ સમાપ્ત.

તૃતિય ભાગ.

૪૯

સતસંગ સાગરને કાંઠડેરે ચારો ચરે જીવહંસ,
હંસરે મોટાં વિવિધ વિધ મોતીડાં;
હાંરે એ છે ઇશ્વરનો અંસ,
સતસંગ સાગરને કાંઠડે.
પૂરાયો પિંડપીંજરે, કહો તે ઉડે કેમ;
સદ્‌ગુરૂ કાઢે સ્નેહથી, હંસો વ્હાલો હેમ
કૃપા કરીને લઇ ચાલ્યા કાંઠડે,
મુકયાં મોતીડાં પાસે જીરે,
ભાળિ ભાળિને ભય પામેલ ભૂલથી,
ત્રાસેને ત્યાંથી નાસે જીરે,

કૃપા કરીને લઈ.
હંસાને સમજાવીયો—**અમીધરજી** ગુરૂરાય;
મુક્તીસાધન મોતિડાં (પછે)
ખાંતે ખાંતે ખાય. સત્સંગ. ૧

૫૦

માની ગુમાની મનવો—રામથી રીસાયો,
નાસે છે પાસેથી કઈ કઈ રીતે હું મનાવું,
મસ્તાનીને કઈ કઈ રીતે મનાવું.
લાવે મનાવી કોઈ આંગણે રે,
તેના ચરણોમાં શિર ઝુકાવું.
મનગમતું માગે તે આપું હું તેને,
મોટે મોટે મોતીડે વધાવું.
નીરે નવરાવું પકવાન પીરસાવું,
ખાંતે ખાંતે ખવરાવું.
ચંદન ચરચાવુંને પુષ્પ પહીરાવું,
મુખવાસ પાન ચવરાવું.
હીરા માણક થાળ ભરી ભેટ આપું,
થોડે થોડે લાડ લડાવું.
અમીધરજી મનવો મનાયા પછી તો,
અભેદના બંધથી બંધાવું.
હૃદયમાં વસાવું કદી ન ખસાવું. માની.

૫૧

વિયોગોના ફંદ માંહે અરરર જીવડલો ફસાયો,
લોભાયો જીભે સ્વાદિનેરે, કાને ધરિનેરે દષ્ટી ભરિનેરે,

હાથે કરિને ગુંથાયો, વિષયો.
ગ્રહીને રામનામ શસ્ત્ર જાળને કાપે,
અમીધર આનંદ આનંદ ઉભય લોકમાં વ્યાપે. વિષયો.

૫૨

મોહન ખબરીયાં લેજો મ્હારી, હરી હરી;
પળ પળ ખબરીયાં લેજો મ્હારી, ફરી ફરી;
સુરતા ભૂલાવો ના તમારી, હરી હરી;
વ્હાલમજી દેશો ના વિસારી, ફરી ફરી;
હવે ના સતાવો કહું કર જોડી,
રહ્યો ભવરોગથી હું હારી, મરી મરી; મોહન.
તમને ભજીને ભવસાગર ઉતર્યાં,
જન કોટી શાણા સંસારી, તરી તરી; મોહન.
અગણિત નરનારી ત્હારી છે ઇશ્વર,
કૃપા તમે હિતકારી, કરી કરી, મોહન.
અમીધર અરજીથી પાર ઉતારો,
મીઠી નજરીયાં પ્રાણપ્યારી ભરી ભરી, મોહન.
„ „ મુરારી „ મોહન.

૫૩

ભજોને ભાઇ હરી હરી પળેરે પળે,
મનુજ તન ફરી ફરી નહિં તો મળે,
ગુરૂજી વિના જીવડલાનો દિન શું વળે.
મોહી રહ્યો માયા કેરા રૂપરંગેથી,
જુવો જરા **અમીધર** સતસંગેથી,

શખોને શ્રેષ્ઠ સુમતી ચિત્ત પાપો–તાપો ટળે.
કહળીફળી ફરી ફરી નહીં તો ફળે. ભજોને.

૫૪

પૈસાને આધીન જગત સહુ પૈસાને આધીન.
પૈસા વિના સહુ દીન. „ „ „
યોગી વૈરાગી જંગમ સન્યાસી, પૈસામાં લયલીન. જગત સહુ.
તેને મેળવવા મારગ સહુના, દેખાયે ભિન્ન ભિન્ન. જગત સહુ.
ગોવાળ થઇ વ્રજગાયો ચારી, પૈસા વિણુ ગમગીન. જગત સહુ.
અમીધર લક્ષ્મીથી દ્વારિકાં રાજા, બનીયા તાગડતાધીન. જગત સહુ.

૫૫

(બીભાસ.)

જોવામાટે જીવડા નિજકૃત બાગ નવીન,
નિજ દેશેથી નીકળી, થયો લોભથી લીન.
હાંરે જોડો જોડો નિજદેશ જીવ મીઠડી, દ્રષ્ટી વાર વાર.
હાંરે છોડો છોડો આ વિષયોના બાગની, જીવ બ્હાર બ્હાર.
વાસનાવાડીએ શિદને લોભાવો, ડાળીયે રસાળીયે **શિદને** ભટકાવો
વિષયોના ફુલમાં ફસાઓછો જીરે, રંગીલા, રસિલા. હાંરે જોડો.
ડાળી ભાળી પાંશરી, બાળી કયાં તુજ બુદ્ધ.
કાળી ઢાળી પાંખડી, લેતાં સરસ રસ શુદ્ધ.
શબ્દ રૂપ કેવડો છે, સ્પર્શ રૂપ ડમરો છે,
તેજ રૂપ ચંપોછે, રસ રૂપ મોગરો છે.
ગંધરૂપ ઘહેરો ગુલાબ, નજાવ વાડીયે.
શાણા સમજીને તમે નજાવ વાડીયે.
કરો **અમીધર**ને કામ ન જાવ વાડીયે.

૫૬

અરજી લેજો ગિરીધારી ઉરધારીરે,
મુને લેજો મુરારી ઉગારીરે,
આપ શેઠ સ્વામી હું છું દાસ હે હરી,
કૃપા કરો કૃપાપતીજી ખંતથી ખરી.
એવું ધારી ન દેશો વિસારીરે. અરજી. ૧

કંસદાસી કુબડી કીધી પ્યારી છે,
વૈરભાવ વાળી પુતનાને તારી છે,
એવી તારી હજારો નરનારીરે. અરજી. ૨

અમીધર આનંદ નંદનંદ આપજો,
વાત સુણી નાથ શિરહાથ સ્થાપજો.
વારે વારે જાઉં બલીહારીરે. અરજી. ૩

૫૭

આવો હરીજન, સરવે હળી મળી,
કૃસ્નચંદ્રનું કીરતન કરીયે,
સ્યામ સુમરીયે, બ્રહ્માંડ ભરીયે,
ઉંચ્ચે સુરેથી ઉચ્ચરીયે;
જાપ નીતિને અહો અનુસરીયે,
તો ભવ ફેરા શીદ ફરીયે,
દુરીજન લોકથી શીદ દિલ ડરીયે;
ભવદરીયે સહજે તરીયે......હે......હે.

બીઅક્ષર ઉરમાંહી ઇશ્વર ધરીયે,
દામ તેથી વૈકુન્ઠ ઠરીયે.　　　　આવો હરીજન .

૫૮

નંદલાલા વ્રજવહાલા, નટવરજી, ગિરીધરજી;
પ્રભુ છતાં પ્રેમે થયા, ગોવાળા મોરલીધરજી નંદલાલા,
ભરવાડના ભેગા રમીયા ભરવાડ થઇ ભૂધરજી,
અમીધરજી અરજીસુણી; સ્નેહ નિભાવો સુંદરજી,
ટાળો સંતાપો, પાપો સુકાપો, આનંદ આપો,
સ્થિરતામાં થાપો.　　　　નંદલાલા.

૫૯

આશારે પ્રભુ લાગી ત્હારા નામની,
હામ...દા...મ...કામ...ઠા...મ તજીને,
ઇચ્છા રાખી ઇશ્વર પરમધામની.　　　　લાગી૦ આશારે૦
અમીધર ઉર ધરો, કૃપાળુ કૃપા કરો,
દયાળુ રઘુવીર કૃપાળુ યદુવીર, ઉતારો ભવતીર નમાવુંપદ શિર,
લાગી ત્હારા. આશારે પ્રભુ.

૬૦

ત્હારા રે......સેવકને શરણે રાખો,
મ્હારા રે......કષ્ટોને કાપી નાંખો;
મુજપાપો સર્વકાપો, ટાળીનેરે ઘોર તાપો.
સ્થિરતામાં શ્યામ સ્થાપો, **અમી**ધરજી સુખ આપો.
મન ક્રમ વચને કહું ત્રીકમજી. ત્હારા રે...... સેવકને.

૬૧

યહ દેહ ધરીકે, ધરી ધરી ભજીયો હે જે જન સુંદર શ્યામરીયો.
યહ સુમરી હરીકો. ફરી ફરી તરીયો હે, યહ ભવ દરીયો દુઃખ ભરીયો.
કાહે દેર કરો જપો જાપ જાપ, તાસે મિટે સભી ભવ તાપ પાપ.
જપી લેતું **અમીધર** નામ નામ, તાતેં સુધરી જૈહે સબ કામ કામ.
હરી નામ જપે બિન વ્યર્થ જહાંમે, કાહે યહાં તહેં જનમ ધરીયો. યહ.

૬૨

દેખો દીવ્ય દેવનો દેદાર રે, દિલદરબારમાં.
દિલદરબારમાં. (૩)
નેત્રો ભરી ભરી નાથને નાથને નાથને નાથને.
ન્યાળે કોઇ નેહી નર નાર રે, દિલદરબારમાં.
અખંડ જ્યોતી જગમગે, અખંડ એક ઉજાસ;
સત્ય પ્રેમ પરકાશ એ, પડતો ચારે પાસ.
હાંરે તેમાં દષ્ટાનો કરીને દેદાર, દેદાર શાણા કરી તરી લ્યો સંસાર.
હાંરે ફરી મળે ન દિલદરબાર, વાર વાર વ્હાલા કરીલ્યો વિચાર. દેખો.
અલખ **અમીધર** નાથ છે, બાવનથી છે બ્હાર;
ગુરૂ પૂજારી જ્ઞાનના દ્વાર ઉઘાડણ હાર–હાર હાર હાર હાર. દેખો.

૬૩

કૃષ્ન કૃષ્ન મુખ કયોંરે કહો ના, કયોં મનપંખી કૃષ્ન કહો ના.
કયોંરે મનવા કૃષ્ન કહો ના.
પંચ વિષયકી સરીતા પ્રોઢી, બહીરે જાત હે યામે બહો ના. કયોં.

કામ ક્રોધ મદ લોભ લુંટારા, યાકે ભરૈં સેં રંચ રહો ના, ક્યોં.
અમીધર ઈશ્વર ચિત્ ધન પદકૌં. બારે બારે કયોંરે ચહો ના. ક્યોં.

૬૪

હે...મોહન મ્હારા વિનતીના ઉરથી વિસારો જી,
હે...પ્રીતમપ્યારા સમજુને સહેજ ઈસારો જી.
મુજ અપરાધો ગણતાં મોહન, આવે નહિ કંઇ આરો જી;
શરણાગતના બેલી સદાના, વ્હાલા બિરૂદ વિચારો જી......હે મોહન.
ગીધ ગુણકા ગજ સર્વે તાર્યા, પ્રેમે સુણી પુકારો જી;
તેથી અધમકૃતી હોય મ્હારી, તોહે આપ ઉગારો જી......હે મોહન.
કામિ કુટીલ ક્રોધી કપટી છું, તોહે ત્રીકમ ત્હારો જી;
આ ભવદરીયો દુઃખડાનો ભરીયો, બાંહ ગ્રહીને તારો જી...હે મોહન.
ધીંગા ધણી છો ધરણીધરજી, અરજી ઉરમાં ધારો જી;
અમીધરજી ગિરિધરજી સ્વામિ, શરણ પડયો સંભારો જી...હે મોહન.

૬૫

કોઈ અહેવો ગુરૂ મળી આવે પિંડમાં પ્રભુજી પરસાવે,
દિલડામાં દેવ દરસાવે...હોજીરે નાગર નટવરનેરે...જી.હો.જી.
જ્યાંજ્યાં જાવેરે ત્યાંથી પકડી મંગાવેરે (૨)
ગહન ગુફામાં ઘેર લાવે...હોજી.
ઉંચાંરે મૂળ જેની નીચીછે ડાળીયો રે (૨)
અહેવા આંબાના ફળ ખવરાવે...હોજી.
ત્રિપુટી ત્રીવેણી માંહી. નેહે નવરાવેરે (૨)
પ્રીતિનું જળ પીવરાવે- હોજીરે.

અમીધર ગુરૂજી કોઇ શાણો સમજાવેરે (૨)
આપસ આપસમાં સમાવે....હોજીરે.

૬૭

જ્ઞાની ગુરૂજી જ્ઞાન બતલાવે,
આત્મા ઓળખાવે લ્હાવો લેવરાવે.
હે...વારી જાઉંરે ગુરૂને જોડી હાથનેરે,
જેણે દિલમાં દરસાવ્યા દીનાનાથનેરે.
જેણે ખોલ્યાં જ્ઞાનનાં બંધ બારણાંરે,
વારે વારે ગુરૂનાં લેઉં વારણાંરે.
જેણે દિલમાં દરસાવ્યા. જ્ઞાની ગુરૂજી.
નામના પરતાપે તરીયા લાખો જીવને જંતજી,
નામના આધારે શઠપણ,
સુધરી થઈ ગયા સંતજી જ્ઞાની ગુરૂજી.
શ્રોતા સુણો સહુવાત
અમીધર જીત્ર જ્યારે દ્વૈતમાં.
ગુરૂ નાથ છે તે શિવ પણુરે,
દ્વૈત નહિ અદ્વૈતમાં. જ્ઞાની ગુરૂજી.

૬૮

બોલો પ્રાણપોપટજી રામ નામ બોલો,
બોલો મ્હારા મનવાજી કૃષ્ન કૃષ્ન બોલો,
બોલો મનભમરાજી શિવ શિવ બોલો,
બોલો ડાહ્યા ડમરાજી તુંહી તુંહી બોલો,

હાંરે મ્હારા મનવાજી. ભમરાજી પોપટજી. ડાહ્યા ડાહ્યા—
ડમરાજી બોલો બોલો બોલો. બોલો પ્રાણ.

ડાળી રસાળી સત સંગનીરે,
બોલો બોલો બેસી જરા બોલો,

કરો મીઠડા ટહુકારજો, બોલો બોલો બેસી જરા બોલો.
મોંઘો અવસર હાથમાં, આવ્યો **અમીધર** આજ;
જમી ચારે ફળ જુક્તીથી, કરો સફળ નિજ કાજ. બોલો પ્રાણ.

૬૯

સેવા સદા દર્પણ, સદ્‌ગુરૂ સેવા સદા દર્પણ.
સદ્‌ગુરૂ શીખવે સર્વે કર્મો, કરવાં કૃષ્ણાર્પણ. સદ્‌ગુરૂ.
અમીધર ઇશ્વર એથી કરીદે, નિજ આલમ અર્પણ. સદ્‌ગુરૂ.

૭૦

વિશ્વાસુને શિષ્ય વ્હાલોરે મ્હારો વિશ્વાસુને શિષ્ય.
વિશ્વાસ પ્રગટે વિશુદ્ધ હ્રદયે, જપતાં શ્રી જુગદીશ. વ્હાલો.
વિશ્વાસેથી કષ્ટ કપાગે, પાડે જમડા ચીશ. વ્હાલો.
અમીધર એથી અર્પણ કરી, ચારે પદારથ ઇશ. વ્હાલો.

૭૧

શ્રીવરા મંગળ મૂર્તિ વ્રજજનપતી ગિરિધરા,
શાન્તિપ્રદાતા સુરવરા, દયાળુ દારીદદુઃખહરા,
સેવકસુખદ સુરવરા, અભયવરદ જયકરા,

શ્રીવરા...શ્રીધરા...શ્રીમોરલીધરા,
હા...જયઅમીધર દેજો જયકર ગિરિવરધરજયકરા. શ્રીવરા.

ત્રીજો ભાગ સમાપ્ત.

ભાગ ચોથો.

અન્ય માન્યવર મહાશયોનાં પદો.

૧

(માન માયાના કરનારારે જરા જોને તપાસી. એ રાગ.)

મળે કોણુ આજ અહેવો અધિકારી રે,
કહીએ જેનિ આગળ વાતડી હમારી;
મળે કોણુ આજ પૂર્ણુ સંસ્કારી રે,
દઇયે જેનિ આગળ દુઃખડાં વિસારી. મળે કોણુ. ટેક.
સત્વ ગુણુ વિષે જેનું ચિત્ત થયું શાન્ત સદા.
રજ તમો ગુણુ નાંખ્યા નિવારી;
કામ ક્રોધ નર્ક માંહિ નાંખનાર જાણી જેને,
હ્રદયમાંથિ કહાડ્યા હંકારીરે. મળે કોણુ આજ. ૧.
લોભપાપી લાત મારી કહાડી મુક્યો દૂર વળિ,
વિષય બુધ્ધિ મુકીછે વિસારી;
આત્મા સમાન માન્યા વિશ્વ સહુના આત્મા,

આ ભજનો બ્રહ્મનિષ્ઠ મહાત્મા શ્રી ઋષિરાજજીના ચિરંજીવી પંડિત ભોળાનાથજીનાં છે.

નાગણી સમાન અન્ય નારીરે. મળે કોણ આજ. ૨.
શત્રુમિત્ર ઉપર ભાવરાખીયે સમાન ભાઈ,
ભૂખ તરશ દુઃખ સહયાં ભારી;
ભજન એજ ભોજનનું વ્યસન પડ્યું રાત્રી દિન,
આત્મ કેફની ચ્હડી ખુમારી રે. મળે કોણ આજ. ૩.
જનુની ઉદર માંહી જન્મ મરણ આપનાર,
મોહ રૂપ શત્રુ નાંખ્યો મારી;
ગુરૂમંત્ર તણી ધુન્ય લાગી અંગે રોમે રોમ,
પ્રેમભક્તિ કરિ સદા પ્યારી રે. મળે કોણ આજ. ૪.
મળિ આવે માડિ જાઓ વિશ્વમાંહિં વિરલો તો,
જોઈ ઠરે આંખડી હમારી;
તો તો પૂર્ણ ભાગ્ય ફળે ભણે **ભોળાનાથ** ભાવે,
વાર વાર જાઉં વારિ વારી રે. મળે કોણ આજ. ૫.

૨

(રાગ ઉપરનો.)

દઇએ કોની આગળ દુઃખડાં વિસારી રે,
મળે આજ કોણ અહેવો અધિકારી,
મળે કોણ આજ પૂર્ણ સંસ્કારી રે,
કહિયે જેની આગળ વાતડી હમારી, દઇયે કોની. ટેક.
દુનિયા દીવાની હસી કહાડે છે દીવાનો ગણી,
બોલવાની નથી કંઈ બારી;
ભ્રમિત મગજ વાળો થઈ ગયો છે ભાન ભૂલી;
અગર કહે છે હામ ગયો હારી રે, દઇયે કોની. ૧

મુંઝાય ગભરાય જીવ અકળાય ઉર,
ઉષ્ણુ ઝરે આંખડીથી વારી;
ઉથલપાથલ થાય ઉર થર થર થર પાય થાય,
દેખું દુખીયારાં નરનારીરે, દઇએ કોની. ૨
શૂળિ સમા લાગે સુર વિવિધ વિધ વાદ્ય કેરા.
વાગી ઉંડી આંચની કટારી;
વ્હાલાં લાગેલાં લાગે શત્રુ સમાં આજ મ્હને,
રંગ રાગ દીધા છે ઉતારી રે. દઇએ કોની. ૩
કર્યો ત્યાગ રાગ કેરો લાગ મળ્યેથી કરી છે,
યારી વિરાગથી વિચારી;
યોગનો વિયોગ થયે રસના રસવાળી મ્હારી,
રામ રામ રહે છે પુકારી રે. દઇએ કોની. ૪
થોડા વર્ષની મુસાફરીમાં મુને મળ્યાં કઇક,
સંસ્કારી અહા ! ! ! નરનારી;
કરી તેથી પ્રીત હવે અંતર ઉજાસ થયો,
તજી યારી તણી દરકારી રે. દઇયે કોની. ૫
બોલ્યાં નથી ખોટું ને લગાડ્યું નથી કોઇયે ખોટું,
છતાં લવી ગઈ જીભ મ્હારી,
સ્નેહ સાથના સંગાથીની ચહીને માફી આજ,
ભોળાનાથ કહે છે આ ઉચ્ચારીરે. દઇયે કોની. ૬

૩

(મુને મુકીને ગયો મ્હારો છેલડો રે'' એ લયની ધુનમાં.)
બ્રહ્માનંદનો આનંદ મ્હારા ઉરમાંરે,

કો ઉપાય નષ્ટ થાય ના વરણાય છે સદાય. બ્રહ્મા. ટેક.
આવી શાન્તી ભાગી ભ્રાન્તી અવિદ્યા તણીરે,
રોમ રોમ આત્મજ્ઞાનની ખુમારી છે અપાર. બ્રહ્મા. ૧.
થયું પ્રાપ્ત પ્રાપ્ત થયાનું રહ્યું નથી રે,
મળ્યા નાથ થયો સાથ ઠેઠ દ્વાર જ્યાં મોરાર. બ્રહ્મા. ૨.
ગતી કર્મ પર્મ કેરી હવે શું કરેરે,
હવે ધર્મ દૂત ભૂતનો ન ભાર છે લગાર. બ્રહ્મા. ૩.
સેવે જન્ન જેના પ્રાપ્ત થવા સ્થાનનેરે,
તેવા દેવ મ્હારા રૂદયા મોઝાર આણીવાર. બ્રહ્મા. ૪.
બ્રહ્મસરિતામાં જો ભળે વિચારથી રે,
ભોળાનાથ નાથ રૂપ નિરધાર એકતાર. બ્રહ્મા. ૫.

૪

(ત્હારો ભરૂંસો મ્હને ભારી ગિરધારી મોહના—એ રાગ.)

અકળ પુરૂષને પિછાણો મ્હારા વીરારે,
અકળ પુરૂષને પિછાણો રે...હે...જી. ટેક.
અકળ પુરૂષની અકળ ગતી છે,
અકળ કૃતી ભાઈ ભારી. મ્હારા વીરારે. અકળ. ૧
અકળ તણી છે અકળ મતી અતી,
ઓળખી શકે સંસ્કારી મ્હારા વીરા રે. અકળ. ૨
શર્દ પૂર્ણીનો સ્વચ્છ શશી સહુ,
જનને સ્વચ્છ જણાશે હે...જી.
ચક્ષુએ ચશમાં પીત ધર્યા પછી,

સ્વચ્છઈ તુર્ત હણાશે મ્હારા વીરારે. અકળ. ૩.
અગર પાન્ડુનો પૂર્ણ રોગી તે,
વિશ્વને પીત વિલોકે હે...જી.
નિર્મળ જેનાં નેત્ર નિરાળાં,
કેમજ પીત વિલોકે મ્હારા વીરા રે. અકળ. ૪.
ચક્ર ફરીને ઉભેલો જન,
ભ્રમિત જગત આ ભાળે હે...જી,
શાન્ત ઉભેલો સજ્જન કહો કેમ,
દુનીયાં ભ્રમિત નિહાળે મ્હારા વીરારે. અકળ. ૫.
અજ્ઞાન રૂપ નર પીળા ચશમથી,
જાણે જીવનને વિકારીરે હે...જી,
કદર કરે જો પોતે પોતાની,
સમજે થઈ સંસ્કારી–મ્હારા વીરારે. અકળ. ૬.
અજ્ઞાનીને અકળ ગતીનો,
ભાસે ન મહિમા ભાઈરે હે જી,
ભોળાનાથ ભાસે નિજભાવે,
જ્ઞાની જનોને સુખદાઇ મ્હારા વીરારે. અકળ. ૭.

૫

(રાગ. ઓધવજીના સંદેશાનો,)

યોગતણા સાધનરે સાધુ સાધીયે,
મોક્ષ પ્રાપ્તીનો એ પણ એક ઉપાય જો;
જીવન મુક્તાનું ચોથું એ સોપાન છે,
અખંડ અનુભવ આનંદ એથી થાય જો. યોગ. ૧.

માંકણ મચ્છર વિરહિત મઠ સુ બાંધવો,
જેમ પડે નહિ યોગ વિષે વિક્ષેપ જો;
સીંહ વ્યાઘ્ર વરૂ જનના શબ્દોથી કરી,
ચિતવૃત્તિમાં પાડો નહિ આક્ષેપ જો. ગયો. ૨.
અતિ ઉંચુ નહિ નેરે અતિ નીંચુ નહિ,
અહેવું સ્થાનક નક્કી કરવું સાર જો;
બીછાવો એ પર શુભ દર્ભની સાદડી,
એ પર મૃગનું કૃષ્ન ચર્મ શુભ કાર જો. યોગ. ૩.
એ પર વસ્ત્ર અગર તો ટાટ બિછાવવું,
સ્થિર સુખમાસન એપર કરજયો સંત જો;
બ્રહ્માસન પદ્માસન સ્વતીક આદિથી,
બેસી સાધો યોગક્રીયા ધીમંત જો. યોગ. ૪
કાય ગ્રીવા શિર સહુએ રે સીધાં કરી,
સરવ કામના કરવી મનથી ત્યાગજો;
અર્ધોન્મિલિત નાસિકા પર દૃષ્ટી કરી,
અજપા મંત્રે કરો રુદે અનુરાગ જો. યોગ. ૫
શ્વાસને આવતાં **सो** શબ્દ શુભ થાય છે,
જાતાં શ્વાસથી **हं** થાયે શ્રીકારજો;
એ રીતે **सोहं** મંત્ર જપો સદા,
ઉલટું ગણતાં થાયે હંસ ઉચ્ચાર જો. યોગ. ૬
એ પછી પ્રાણાયામ કરો વિધ વિધ તણો,
આપું એની સંક્ષેપે ઓળખાણુજો;
પ્રાણ વાયુને ખેંચો એ પૂરક સદા,

પૂરી રાખો એ કુંભક એધાણુ જો. યોગ. ૭
કાઢો બાહિર એ રેચક સમજી ઉરે,
કાળ ગણુત્રી એની છે શુભ રીત જો;
સોળ સુમાત્રા પૂરક કેરી જાણુ જો,
કુંભક કેરી ચોસઠ માત્રા ખચીત જો. યોગ. ૮
રેચક કેરી માત્રા તો બત્રીશ છે,
પૂરક કરતાં કુંભક ચતુર્ગણુ કાળ જો;
રેચક બમણો પૂરકથી માનો મુદા,
જાનુ પ્રદક્ષિણા ચપટી માત્રા કાળ જો. યોગ. ૯
આરંભે ઈડાએ વાયુ ખેંચીએ,
પછી કુંભક કરિ રાખો ઘટમાં સોમ જો;
પછી પીંગળા વાટે રેચક કીજીયે,
તેથી પૂરક કરીયે લોમ વિલોમ જો. યોગ. ૧૦
પૂરક કરતાં મૂળ બંધને કીજીયે,
જાલંધર કુંભકમાં કરવો ભ્રાત જો;
રેચક સમયે ઉડીયાન કરવો કહ્યો,
એ બંધોને તજતાં બિગડે વાત જો. યોગ. ૧૧
એ રીતેથિ કરીએ એશી સામટા,
પ્રાતઃકાળે મધ્યાન્હે દરરોજ જો;
સાયંકાળે પાછા કરીયે પ્રેમથી,
મધ્ય રાત્રીએ કરવા આણી મોજ જો. યોગ. ૧૨
પૂરી સવાશો માત્રા કુંભકની રહે,
ત્યારે જાણો ઉત્તમ પ્રાણાયામ જો;

કનિષ્ટનો પરસેવો મધ્યમાં કંપ છે,
ઉત્તમ મધ્યે દાદુરતા સુખધામ જો. યોગ. ૧૩
પ્રાણાયામની પકવ અવસ્થાને વિષે,
જઠર પ્રદીપ્ત ઉઘડે મુખની કાન્તી જો;
શરીર લઘુતા નાદ તણી ઉદ્‌ભવપણે,
પામો **ભોળાનાથ** મળે સુખશાન્તિ જો. યોગ ૧૪.

૬

(રાગ ઉપરનો.)

જ્ઞાન સુધારસ પીયોરે પ્રેમી મુકુંદના,
જ્ઞાન વિના નવ ભેટે શ્રી ભગવંત જો;
જ્ઞાન વિના નવ આવે જીવનમુક્તતા,
જ્ઞાન વિના નવ આવે ભવનો અંત જો. જ્ઞાન. ૧
છે આ જગની ભ્રાંતીજળ બુદ બુદ સમી,
વિરમી જાતાં લાગે નહિ જરી વાર જો;
ખારા જળમાં મૃગજળ દેખી માનવી,
તરસ છીપાવા દોડે વારંવાર જો. જ્ઞાન. ૨
ખારા રણુમાં આખો દિન દોડી મરે,
તોપણુ જળ નવ મળતું એકે ઠામ જો;
વિષયાનંદે એમજ જીવ મોહી રહ્યો,
પણુ નવ મળતો એકે સ્થળ ઉપરામ જો. જ્ઞાન. ૩
આત્મા શાંતિમયને સુખનાં રૂપ છે,
સચરાચર વ્યાપક છે જયમ ઘનશ્યામ જો;
અખંડ આનંદ એ માંહી નિશ્ચે ભર્યો,

સુરનર મુનિ રૂષિ સેવિત એ નિષ્કામ જો. જ્ઞાન. ૪
શસ્ત્રો નવ છેદે એ નિત્ય અખંડને,
અગ્નિ નવ બાળે એ ઈશ અદાહ્ય જો;
વાયુ શોષ કરી નવ શકતો એહને,
અશોષ્ય એ પ્રભુ પૂરણ બ્રહ્મ સદાય જો. જ્ઞાન. ૫

નવ નવિ રીતથી સુંદર ઘર કર્યું શોભતું,
સુંદર માર્ગો જેના છે સુખકાર જો;
વસે એહમાં એ જન એથી ભિન્નછે,
એ સૌ જાણે એ જગમાં નર નાર જો. જ્ઞાન. ૬
માનવનો એ કાયા રૂપ છે બંગલો,
નવ દ્વાર છે એના તો સુખકાર જો;
એક દ્વારથી એ ઘરનો મળ જાય છે,
એક દ્વારથી મલિન વારિ નિરધાર જો. જ્ઞાન. ૭
બે દ્વારેથી વાયુ આવે શાંતિમય,
બે દ્વારેથી શબ્દ સરસ સંભળાય જો;
બે દ્વારે થઇ અવલોકાતું જગત આ,
એ નવ દ્વારથી સર્વે વસ્તુની આય જો. જ્ઞાન. ૮

વિવિધ ભ્રાંતી મહિ સાંધા મેળવિયા બહુ,
બે સ્થંભોપર રચીઓ એજ ખચીત જો;
ઠામ ઠામ એ સ્તંભો એને લઈ જતા,
એ એની છે એવી ગતિ વિપરીત જો. જ્ઞાન. ૯

જીવ મુસાફર એમાં ભાડેથી વસ્યો,
એ કેમ એથી ભિન્ન નહિ રેહેનાર જો;

ભોળાનાથ કહે એ રીતે આપણે,
કાયા મેહેલે વસતાં સૌ નરનાર જો. જ્ઞાન. ૧૦

૭

(રાગ ઉપરનો.)

જ્ઞાન વિના નવ આવે ગમ ગોવિંદની,
જ્ઞાન વિના નવ તરીયે આ સંસાર જો;
જ્ઞાનવડેથી શિવપદ સેહેજે પામીએ,
એ માટે આ કરીએ શુદ્ધ વિચાર જો. જ્ઞાન. ૧
ભાડાની અવધિ તો જવ પુરી થશે,
તે મુકીને જાવું છે તે ધારજો;
જીવ મુસાફર તેમાં તો નિશ્ચય કરો,
જાશો ત્યારે ક્યાં જાશો નિરધાર જો. જ્ઞાન. ૨
કોણ જાણીતુ ક્યાંથી આવ્યો ક્યારનો.
શાથી આવ્યો કરં એનો સુતપાસ જો;
ભગવત ભજવા આવ્યો બ્રહ્મ સ્વરૂપ તું,
જાવું અંતે શ્રીહરિચરણે ખાસ જો. જ્ઞાન. ૩
ચરણ આપીયા તિર્થાટણ કરવા તને,
હસ્ત આપીયા કરવા હરિગુરૂ સેવ જો;
સૌસામગ્રી આપી શ્રી જગદીશ્વરે.
રાજી કરવા દેવ તણા મહાદેવ જો. જ્ઞાન. ૪
નરહરિ દર્શન કરવા આપ્યાં નેત્ર છે,
જીહ્વા ખાવા યજ્ઞોચ્છિષ્ટ અનાજ જો;
કેશવ ગુણ સાંભળવા અર્પ્યા કર્ણને,

બુદ્ધિ આપી સ્મરવા શ્રી રઘુરાજ જો, જ્ઞાન. ૫

ઘોર શુષુપ્તિમાં તું લય પામ્યો હતો,
સુક્ષ્મ સ્વરૂપે હતી વાસના સંગ જો;
ઈષ્ટે એ ત્હને આપ્યું સર્વ કૃપા કરી,
તરવા ભવને કરવા શ્રી સતસંગજો. જ્ઞાન. ૬

પૃથ્વી જળ અગ્નિ વાયુ નભ મહા ભૂતો,
ગંધ સુરસ રૂપ સ્પર્શ અને વળી શબ્દ જો;
લોભ સ્વાદ રતિ કામ માન વિષયોનું છે,
પાદ પાણિ ગિર ગુદા શિશ્નુ ઉપલબ્ધ જો. જ્ઞાન. ૭

શ્રોત્ર ત્વક ચક્ષુ ને રસના પ્રાણુ મળી,
ચોવીસ તત્વો મળીયા એક જ ઠામ જો;
એને જે જાણે તે એથી છે જુદો,
એથી આત્મા હું જૂદો અભિરામ જો. જ્ઞાન. ૮

જાગૃત સ્વપ્ન સુષોપ્તિ ને તુરીયા મળી,
પિંડની છે શુભ એજ અવસ્થા ચાર જો;
અન્ન મનોમય પ્રાણુ અને વિજ્ઞાન મળી,
આનંદ આદિ કરીએ શુભ વિચાર જો. જ્ઞાન. ૯

બ્રહ્મ અને પરબ્રહ્મ તણા મંત્રો ભણી,
જ્ઞાન પામીને આણો બ્રહ્મખુમાર જો;
કુતરૂ અસ્થી ચાટે નિજ મુખ લોહીથી,
સ્વાદ માણુતું અસ્થી માંહી સારજો. જ્ઞાન. ૧૦

પંચ વિષયમાં એમજ જન આનંદ લે,

ભ્રાંતિ એની પંચ વિષયમાં જાય જો;
સદા સચ્ચિદાનંદ સ્વરૂપ હું આત્મ છું,
એહેવિ ભાવના કરતાં સહુ સુખ થાય જો. જ્ઞાન. ૧૧

કાળ કર્મ મુજને ન લાગે કોઈ દિને,
રક્ષક ગુરૂના શિરપર હાથ હજાર જો;
કાળ શિરે પાઉં દઇ સંતો ચાલશું,
ભોળાનાથ પતિ તારે ભવ પારજો. જ્ઞાન. ૧૨

૮

(રાગ ઉપરનો.)

એ દિન અમને ક્યારે આનંદ આપશે,
ચંચળ વૃત્તિ કરશું એકજ ઠાર જો;
દુરિજન મુખ કાળું કરી વનમાં ચાલશું,
રાખી એક શ્રી હરિ તણો આધાર જો. એ દિન. ૧

રજો ગુણ મય વસ્ત્રો દિનને સોંપશું,
વનફુળ પેહેરી કરશું પ્રભુ સહ પ્યાર જો;
બ્રહ્માનંદ ધરી ગિરિશિખરે બેસશું,
પાદાંગુંઠનો પૃથ્વી ઉપર પ્રસારજો. એ દિન. ૨

ગગનછત્રને સ્નેહ કરી શિર ધારશું,
સૂર્યબિંબ સહ દૃષ્ટિ એકાકાર જો;
બ્રહ્માસનવાળી દૃઢ નિશ્ચય સાધશું,
સુરતા કરતાં સાથે કરશું સાર જો. એ દિન. ૩

શિયાળે નવ શીત તણો ભય રાખશું,

ઉનાળે આતપનો નહિ જ લગાર જો;
વર્ષા માંહિ વારિ સેહેશું વ્હાલથી,
પણ દુઃખનો નવ આણીશ એક ઉચ્ચાર જો. એ દિન. ૪
કંઈક કાળ આ રીતે સુખથી કાઢશું,
ચઢશે ત્યારે અભિનવ બ્રહ્મખુમાર જો;
પંચ ભૂતાત્મકવપુનું ભાન નહિ રહે,
ભાન એક જ્યાં જગપતિ જગદાધાર જો. એ દિન. ૫
સમીપ ભૂમીમાં ઉંદર ત્યાં દર ખોદશે,
અહિગણ આવી રેહેશે ત્યાંહિ અપાર જો;
તન ચઢી એ અહિ તનપર તજશે કાંચળી.
તો પણ ડરવા નહિ કરશું વિચાર જો. એ દિન. ૬
પંખીડાં આવી કો પ્રેમે એ પળે,
શિરજટામાં માળા કરશે સાર જો;
હાંહાં કહી હરિ એ ઘડીએ કર ઝાલશે,
શ્રીવર કેહેશે માગ્ય પુત્ર જયકાર જો. એ દિન. ૭
એ વારે કેહેશું પ્રભુ તવ પદપંકજે;
જનમોજનમ અમોને દેજો ધ્યાન જો;
વિપત વખતમાં બેલી થાજો બાપલા,
આપ પદો વિણુ અવર ન દેજો ભાન જો. એ દિન. ૮
દુરિજન સંગ ન સ્વપ્ને દેજો ઓ પ્રભુ,
ચાતક ચંદ્ર પ્રમાણે દેજો નેહ જો;
દોર ઉપર જેમ નટડી સ્થિર મન નાચતી,
ભોળાનાથ પતિ તેમ દેજો સ્નેહ જો. એ દિન. ૯

(મહાત્મા મણીભાઈ નભુભાઈના 'અભેદોર્મિ ગ્રંથમાંથી' તમો ગુણજન્ય વૃત્તીને બોધ.)

૯

આંખ ભર્યે શું થાય હઠીલી આંખ ભર્યે શું થાય.
ફેરવવા મુજ સરખા પાછળ, તું વિધ વિધ પલટાય. હઠીલી. ૧
રૂપથી વાણી વિલાસથી મોહથી, બાંધ્યા તેજ ફસાય. હઠીલી. ૨
હું રસઘ્હેલો તું રસ સૂની, મેળ હવે નહિ ખાય. હઠીલી. ૩
લાજ તજી ઘર બાર તજ્યું વળી, મિત્ર સગાં ને સ્હાય. હઠીલી. ૪
તોપણ પાસ તને નવ લાગ્યો, આ દિલ રસ ઉભરાય. હઠીલી. ૫
તું રસમય બન કે તજ પાલવ, રસ રસ રસ વહી જાય. હઠીલી. ૬
સરસ મણી રસ રૂપ બતાવે, રસવિણ વિરસ જણાય. હઠીલી. ૭

૧૦

મુરખ લોક તે શું જાણે મ્હારા દીલનીરે,
લાગે જાગે કારી તો કંઇ કળાય ને સંભળાય. મુરખ. ૧
ડાહ્યા થઇને તપાસે બધા પારકુંરે,
સાચું સીધું જાણે નિજ સ્વરૂપ પરમ રૂપ. મુરખ. ૨
બાર્યો દેવતા ફુંકી લે રાખ આંખમાંરે,
સાચું નિજનું પરનું એ ન પરખાય શું હરખાય. મુરખ. ૩
કીડી કરડી ન ખાધી સાકર સેલડીરે,
જાણે કયાંથી સમશેર સુધાસાર એ વિચાર. મુરખ. ૪
ભલે તરતા બીજાને ડુબ્યા માનીનેરે,

ડુબી ઉંડા મરે તે જાણે સાર પારાવાર. મુરખ. ૫
લાગ્યું તાન ધ્યાન પરમ ધામ નામમાંરે,
કોને દેખું જણાવું કોને વાત નથી જાત. મુરખ. ૬
દોષ દેખે બ્રહ્મ ભાવ મણી રૂપમાંરે,
જુઠો જુઠો એ દૈવનો બનાવ નદીનાવ. મુરખ. ૭

૧૧

ભજન બનત નહિં મનવા સ્હેલાનીયાં. ભજન.
અચ્છા અચ્છા ખાના ચહઇયેરે, ઔર ઠંડા પાનીયાં;
ચાવનેકું બીડા ચહઇયે, ઔર પીકદાનીયાં. ભજન. ૧
સોનેકું તો સહેજ ચહીયે, રૂપવંતી રાનીયાં;
પૂત તો સુપૂત ચહીયે, કુલકી નિશાનીયાં. ભજન. ૨
હીરા ચહીયે મોતી ચહીયે, ઔર રત્નખાનીયાં;
હાથી ચહીયે ઘોડા ચહીયે, તંબુ અસમાનીયાં. ભજન. ૩
કીલ્લા તો અટૂટ ચહીયે, તોપ ધુળધાનીયાં;
કહત કબીર સુનો ભાઈ સંતો લોભે લલચાનીયાં. ભજન. ૪

૧૨

દુનિયાં દોરંગી બેઢંગી કદર વિહીન છે રે. દુનિયાં.
સરલ રહે તેને શઠ કહે છે, વકતાને વંચક પદ દે છે;
વિનય કરે તો કહે ધનને આધીન છે રે. દુનિયાં. ૧
ક્ષમાવંતને નિર્બળ કહે છે, દમનકને જ અદત્તિ કહે છે;
મધુરવચન બોલે તો કહે એ દીન છે રે. દુનિયાં. ૨
ધર્મીને તો દંભી કહે છે, નિષ્પ્રેહીને માની કહે છે;

તૃષ્ણા ત્યાગે તો કહે સુભાગ્યહીન છે રે. દુનિયાં. ૩

ઉદારને ઉડાઉ કહે છે, લોભીને લખલ્યાનત દે છે;
સંતોને કહે મનના મહા મલીન છે રે. દુનિયાં. ૪

અપક્ષીને કહે એકલસૂરો, પ્રતીજ્ઞને હઠવાદી પૂરો;
કબાગરાને કહે ગરજે તલ્લીન છે રે. દુનિયાં. ૫

એકે વાતે નહિ આનંદી, સદા રહે સહુ સ્થળ સ્વછંદી;
પરસુખમાં પ્રતિ વાસર એ ગમગીન છે રે. દુનિયાં. ૬

અવળાને સવળું આલેખે, સવળાને અવળું કરી લેખે;
ન્યાય પંથથી એનો ન્યાય નવીન છે રે. દુનિયાં. ૭

પૂર્ણચંદ્ર કહે પૂરણ પેખી, દુનિયાં દુર્વચ દુર્જય દેખી;
દુર્મદ દર્પી દોષ દર્શી દુર્બીન છે રે. દુનિયાં. ૮

૧૪

જોગીડે કીધાં વ્હેલાં તૂર રે હો બાઇયો હમને. વ્હાલીડે.
દીઠું દેહદેવળ તેના અધર ધર્યા પાયારે,
ઉંડેરાં નથી તેનાં મૂળ રે હો બાઇયો. જોગીડે. ૧

નજરો કરીને નાથે મ્હારા સામું જોયુંરે,
નયણામાં વરસે ઝીણાં નૂરરે હો બાઇયો. જોગીડે. ૨

કઇરે વખતની વ્હાલે કેફો કરાવીરે,
કેફમાં કીધાં ચકચૂરરે હો બાઇયો. જોગીડે. ૩

બાઈ **મીરાં** કહે છે પ્રભુ ગિરધરના ગુણ,
ચરણમાં ખડી છું હજૂરરે હો બાઇયો. જોગીડે. ૪

૧૫

નોધારાના આધાર રે ગુરૂજી મ્હારા,
એકલના બેલી ભાગ્યાનાભેરૂ ભેરૂ રેજી.
શ્રીરે કાનજી જ્યારે દડુલો દોડાવ્યો રે.
ગોવાળ એમના છે ભેરૂરે ભેરૂ;
દડુલો દોડાવી વ્હાલે જુમનામાં નાંખ્યો રે,
કાળીનાગ નાથી લાવ્યા હેરૂ રે હેરૂં. નોધા. ૧.

સતીરે દ્રુપતિ બાઈનાં ચીરજ પુર્યાં,
દુર્યોધન એમનો છે હેરૂ રે હેરૂ;
નવસે નવાણું ચીર કોડે કોડે પૂર્યાંરે,
ભૂધરે તેમના થઇ ભેરૂરે ભેરૂ. નોધા. ૨.

પ્રહલ્લાદ માટે સ્થંભ ધખાવ્યો,
હીરણાકંસ એનો ખેરૂરે ખેરૂ;
નરહરી રૂપ ધરી દૈત્યને મારિને,
ઉગાર્યાં પ્રહલાદ ચેરૂ રે ચેરૂ. નોધા. ૩.

નામદેવજી ને રે દર્શન દીધાં.
ફેરવી પોતાનું દેરૂં રે દેરૂં;
કહે **રવીદાસ** ગુરૂ ભાણ પ્રતાપેરે.
ધણી કરે તરણાનો મેરૂ રે મેરૂ. નોધા. ૪.

૧૬

ભોજન લે આઉં...ભોજન લે આઉં, દુધ ભાત ફુલકારીયાં;
મોતીચુરકે લડુવે...મોતીચુરકે લડુવે, ભાજી કનકકી થારીયાં. ૧

દહિ દુધ લે આઉં...દહી દુધ લે આઉં સીકરન ઘેબર ધારીયાં;
મંજુપાક મીઠાઇ...મંજુ પાક મીઠાઈ, વ્યંજન સબહી વધારીયાં. ૨
પાવો પ્રભુ પ્યારે...પાવો પ્રભુ પ્યારે, દેત સખી સબ ગારીયાં;
નિર્મળ જલ યમુના...નિર્મલ જલ યમુના ગગરી ભરી લ્યાઈ નારીયાં.૩
પીઓ પ્રભુ પ્યારે...પીયો પ્રભુ પ્યારે, દેત સખી સબ૦;
મુખવાસ લે આઉં ...મુખવાસ લે આઉં, લોંગ ઇલાચી સુપારીયાં. ૪
ચાવો પ્રભુ પ્યારે...ચાવો પ્રભુ પ્યારે, દેત સખી સબ;
ગારી કાહે કું દીજે...ગારી કાહે કું દીજે, બ્હેની હમારી કુંવારીયાં. ૫
તેરી બ્હેની સુભદ્રા...તેરી બ્હેની સુભદ્રા અર્જુન સંગે સધારીયાં;
સુખ સહેજ બિછાઉં...સુખ સહેજ બિછાઉં પુષ્પ રચિત સુખકારિયાં. ૬
પોઢા પ્રભુ પ્યારે...પોઢા પ્રભુ પ્યારે, દેત સખી સબ.
તેરી સાંવરી સૂરતપેં...તેરી સાંવરી સૂરતપે, સુરદાસ બલીહારીયાં. ૭

૧૭

વૃંદાવનનોરે ચંદ મ્હારે હૃદયે વસ્યોછે.
ઉદ્ધવજી ભલે આવ્યારે આજ, વૃંદાવનનોરે.–
ગોવિંદજીનીરે ગોઠડી કીજે,
મનની મુકીને સર્વે સખીયોરે લાજ. વૃંદા. ૧
વસુદેવ દેવકીને સંતાપે કંસ,
એના ઉપર હવે ધરવો શો રોષ. વૃંદા. ૨
ગયા પછીરે ફરી ગોકુળ ન આવ્યા,
એવો અમારો શો દીઠો રે દોષ. વૃંદા. ૩
કંસની દાસી લાવ્યા મથુરાના વાસી,
હાંસી કરેછે અમને સઘળો સંસાર. વૃંદા ૦

મથુરાં મુકીને હવે કંઇએ ન જાશો,
કુબજા સરીખી તમને નહિં મળે નાર. વૃંદા. ૪
રાસ રમાડ્યાં ખટ માસની રાતડી,
વ્હાલે આપીને અમને પુરો વિશ્વાસ. વૃંદા. ૦
કુબ્જ્યા એવીરે એવા ઠાકોર તમારા;
એવા **પ્રીતમજી**ના સ્વામી તમ પાસ. વૃંદા. ૫

૧૮

પ્રસાદ કેરો મહિમા મોંઘો છે માટે,
પૂરણ પ્રીતિથી આરોગો શિર સાટેરે.
નાણું ખરચ્યેથી આ તો ન મળે, મોંઘો૦
નથી વેચાતો વાટે ઘાટે. શિર. ૧
અંગ પ્રસાદે તારી કૂબજ્યા, મોંઘો૦
મટયાં વાંકાં અંગ આઠે. શિર. ૨
ચરણ પ્રસાદે તારી અહલ્યા, મોંઘો૦
નારી બની શૈલ છાટે. શિર. ૩
હસ્ત પ્રસાદે હનુમાન, મોંઘો૦
નેત્ર પ્રસાદે સરજ્યુ ઘાટે. શિર. ૪
દાસ દયાળું તમને દે છે, મોંઘો૦
ના રે મ્હોશો ખારે ખાટે. શિર. ૫

૧૯

જય માધવ મધુસૂદન જય કરૂણાસિંધો; પ્રભુ જય૦
ભવ ભય ભીતિ વિનાશન, શરણાગત બંધો. જયદેવ જયદેવ. ૧

વંદે કમલેશાનં, વિનતાસુતયાનં; પ્રભુ વિનતા૦
જગદેકાંત નિદાનં, કૃત સુરગણ માનં. જયદેવ જયદેવ. ૨
સાગરજા પરિવારં, કૌસ્તુભમણી હારં; પ્રભુ કૌસ્તુભ૦
ક્ષિરાંભોધિ વિહારં, નિગમાગમ સારં. જયદેવ જયદેવ. ૩
મુકુટ વિભૂષિત ભાલં, શોભિત વનમાલં; પ્રભુ શોભિત૦
શ્યામળ કુંચિત બાલં, ત્રિભુવન જનપાલં. જયદેવ જયદેવ. ૪
દાનવયૂથ વિનાશં, પૂરિત સકલાશં; પ્રભુ પૂરિત૦
બ્રહ્માનંદ વિકાશં, ખંડિત ભવપાશં. જયદેવ. જયદેવ. ૫

૨૦

લેખકોએ લાહ્ય લગાડી સુસંપમાંજ લેખકોએ લાહ્ય લગાડી.
એક બીજા વચ્ચે વૈર વિરોધ વધારી,
ભ્રાતૃભાવ દીધો ભગાડી. સુસંપમાંજ લેખકોએ૦ ૧
ડહાપણ ડોળીને ડોળી દુનિયાને,
જ્યાં ત્યાં જુગુપ્સા જગાડી. સુસંપમાંજ લેખકોએ૦ ૨
અવળાજ રૂપમાં અતિશે આલેખી,
જેને તેને જેબ લગાડી. સુસંપમાંજ લેખકોએ૦ ૩
સંપ વધાર્યો ન સંપ વધેર્યો,
સુધરેલી બાજી બગાડી. સુસંપમાંજ લેખકોએ૦ ૪
ઇચ્છિયો નહી પરમાર્થ અરે રે !
આપ સ્વાર્થ રાખી અગાડી. સુસંપમાંજ લેખકોએ૦ ૫
દેશને ન પોખ્યો દેહનેજ પોખ્યો,
વાહ વાહનું વાઘ લગાડી. સુસંપમાંજ લેખકોએ૦ ૬
ન્યાય નીતિ પ્રીતિ ભક્તિ યોગ સંયોગને,

પંહિડે દીધાં ફગાડી. સુસંપમાંજ લેખકોએ૦ ૭
દુષ્ટ લેખ દ્વારા દુષ્ટતાનાજ વેગે,
વેગ દીધાં વળગાડી. સુસંપમાંજ લેખકોએ૦ ૮
પૂર્ણચંદ્ર કહે એવા પેટભરાઉ તે,
લેખક નહીં જ લબાડી. સુસંપમાંજ લેખકોએ૦ ૦

૨૧

મનમાં શું મકલાય મૂરખડા મનમાં શું મકલાય.
ધાર્યું કરવા કાજ ધોરીડા, ખાલી ગોથાં ખાય. મૂ. મ. ૧
ધાર્યું ધૂળમાં મળશે આખર, કર્મ કરે તે થાય. મૂ. મ. ૨
અહંકાર આણીને અમથો, ફંદા માંહે ફસાય. મૂ. મ. ૩
સુખ ધાર્યું સાંપડતું હોય તો, દુઃખમાં કોણ દટાય ! મૂ. મ. ૪
ઇચ્છા મુજબ મળે નહી એ શઠ ! જોને વિચારી જરાય. મૂ. મ. ૫
મ્હોંત જેવું પણ ઇચ્છયું ન મળે, માટે તજ હાય વૉય. મૂ. મ. ૬
હું જ કરૂં તે થાય હમેશાં, એ કહેવું નહી ન્યાય. મૂ. મ. ૭
ભ્રમણામાં ભૂલીને ભાઇ, અવળો શિદ ઉજાય. મૂ. મ. ૮
પાપ કરે ન ડરે પાજી પણ, એથી શું અર્થ સધાય. મૂ. મ. ૯
જો ધાર્યું કરવું હોય તો ઝટ, કહું તે કરતું સદાય. મૂ. મ. ૧૦
સુકૃત સંચય કર શુભ ચિત્તે, જપ પળ પળ જગરાય. મૂ. મ. ૧૧
ઇચ્છિત સિદ્ધિ અર્પક એ છે, અન્ય ન સત્ય ઉપાય. મૂ. મ. ૧૨
પૂર્ણચંદ્ર પ્રતિબોધ પ્રમાણે, ચાલ્ય તો સુખીઓ થાય. મૂ. મ. ૧૩

૨૨

ભૂલી ન જા મનભમરા તું ભવ્ય ભોગ્ય ભાળીને,
ફૂલી ન જા ફૂલેલો બાગરાગ નિહાળીને.

આજે જે સુખી તે કાલે દુખી દેખાય છે,
છે સંધ્યારંગ સમાન એ જો જો સંભાળીને. ભૂ. ૧
આજે જે ખીલ્યાં તે કાલે ખરે કરમાય છે,
મસ્ત શું બને છે મૂર્ખા તું પૂછ માળીને. ભૂ. ૨
જે ફૂલો જઇ દેવને શિર આજ શોભાય છે,
કાલે તે ઢળશે ધરણીપર ધૂળ ઢાળીને. ભૂ. ૩
ચાર ઘડીની ચટકી ચાંદની આ જણાય છે,
ઘોર અંધારી ફેલશે પછી તેજ ટાળીને. ભૂ. ૪
આ અનિત્ય વાસનામાં શું લોભાય છે,
કર ધર્મતત્વનું પાન તું ઝટ ગર્વ ગાળીને. ભૂ. ૫
ગુંજારવ વિજ્ઞાનનો જે ગૌણ ગણાય છે,
વર તું ત્વરાથી મુક્તીને ભવબીજ બાળીને. ભૂ. ૬
પૂર્ણેંદુ વદે એ સ્થળમાં શિદ અથડાય છે,
ભજ તું અખંડાનંદીને ખળતાજ ખાળીને ભૂ. ૭

૨૩

છે તનરંગ પતંગ સરીખો, ઊડી જશે સહી એતો રેજી;
એની મમતા મ્હેલી અળગી, ચેતનજી ઝટ ચેતો રેજી. છે. ૧
બાજીગરની બાજી જેવી, જગની રચના જાણો રેજી;
તેમાં શું તલ્લીન બનીને, મોજ મજાઓ માણો રેજી. છે. ૨
સગાં સર્વ સ્વારથનાં સંગી, મિત્ર સહુ મતલબના રેજી;
તારૂં સગું કોઈ નથી તેથી, તજ તેઓની તું તથના રેજી. છે. ૩
જગલાડી જેવી જે લક્ષ્મી, તે ન થશે કદી તારી રેજી;
મફ્ત બની મગરૂર મૂરખડા, માને મારી મારી રેજી. છે. ૪

છળ પ્રપંચ છોડી ચટપટ તું, કરી લે સુકૃતકમાણી રેજી;
માન વચન પૂર્ણેંદુ આ, જરૂર હિતકર જાણી રેજી. છે. ૫

૨૪

સાત્વિક સંતોનો સંગ સદા સુખદાયી.
કરિયે તો હરિયે કુલ હરકત, વરિયે વારૂ વડાઇરે. સાત્વિક.
કપાસ સમ તે કષ્ટ સહીને, સહુને સુખ દે સારાં;
જંગમતીર્થ જાગતિ જ્યોતિ, બંધ કરે દુખબારાં રે. સા૦ ૧
કારણુ વિણુ તે કરે સહુનું, ભલું નિરંતર ભાઈ;
રહે સમરસમય રોજ રોજ તે, સુકૃતનાજ સખાઇ રે. સા૦ ૨
પૂજક નિંદક પારસ આયસ, બેઉ બરોબર લેખે;
શોધ ગુણોનો કરે સર્વદા, દોષ ન કોઇના દેખે રે. સા૦ ૩
શુક્લ ધ્યાનમાં લીન સતતે, રહે અચળ એક રંગી;
પરંબ્રહ્મથી પૂર્ણ પ્યાર સહ, લગાડી લગની જંગી રે. સા૦ ૪
પ્રબળ પુણ્યના ઉદય પ્રતાપે, મળે મહાત્મા એવા;
પૂર્ણચંદ્ર કહે પ્રેમે તેની, સદાય કરીએ સેવા રે. સા૦ ૫

૨૫

એવોરે દિવસ ક્યારે આવશે. સમજશે સ્ત્રીઓ સ્વધર્મજી;
ભજશે સ્વસ્વામીની ભક્તિને, તજશે કૂડાં કુકર્મજી. એવોરે. ૧
દુષ્ટ દ્રષ્ટિથી ન દેખશે, પરનરને કોઈ વારજી;
સ્વપ્ન વિષે ન સંભારશે, પતિવિણ અન્ય પ્રકારજી. એવોરે. ૨
ભણુશે સ્તુતિ ભરતારની, સુણુશે સુ ચરિત્ર અદંભજી;
ગણુશે સ્વપતિગુણમાળને, ચણુશે સુકીર્તિના સ્તંભજી. એવોરે. ૩
શુદ્ધ દેવ ગુરૂ ધર્મને, માનશે જીવન મૂળજી;
ન્યાય નીતિ કુળ રીતિને, પ્રિય ગણી કરશે કબૂલજી. એવોરે. ૪

સંતતીને અતિ ખંતથી, આપી તાલીમ ઉચ્ચજી;
સ્તુત્ય સ્વદેશાભિમાનીનું, શિક્ષણ દેશેજ સ્વચ્છજી. એવોરે. ૫
હોય વિશુદ્ધ વીરાંગના, સાધવા બેઉએ સ્વાર્થજી;
કેસરીઆં કરી ઘૂમશે, હુંશે સ્વદેશ હિતાર્થજી. એવોરે. ૬
કરે અનુકરણ વિદેશિયો, આર્યાઓનું સુવિશેષજી;
પૂર્ણશશિ પ્રમુદિત પણે, ઇચ્છે એવું હમેશજી. એવોરે. ૭

૨૬

(પ્રભાતી.)

અવર ઘરેણાં તમે અંગે ન અડાડો, શીળ–ઘરેણું ગણો સાચુંરે.
દામ ન લાગે ભાર ન લાગે, ભાગ્યું ન વજ્રથી ભાગેરે;
ચોરનું ચોર્યું કદિ ન ચોરાએ, ભાગીઓ ભાગ ન માગેરે. અવર. ૧
કોઈ દિન પ્હેરવા માંગે ન કોઇ, ઑાળવે નહીં કોઇ એનેરે;
ઘાસે નહી કદી ગુમ્ નહી થાએ, કહો શી હરકત તેનેરે? અવર ૨
સદા રહે સુંદર સૂરતીનું, ઓપ ન ઉતરે એનોરે;
અગ્નિ જળ આદિથી ન વિણસે, કહો ડર છે હવે કેનોરે? અવર. ૩
જેમ જેમ વખત જશે જાઝેરો, તેમ તેમ કીમત તેનીરે;
વધતી જશેજ વિશેષ વિશેષે, જાઝી ખુબી છે જેનીરે. અવર. ૪
આ ભવ પરભવમાં વળી એથી, મળશે લાભજ મોટારે;
અંગેથી અલગન કરશો તો કહું, જાશે કદિયન ત્રોટારે. અવર. ૫
પેટી પટારાનું કામ ન પડશે, એને મૂકવા માટેરે;
વાટે ઘાટે જંગલમાં પણ, પ્હેરી ફરો મહા ઠાઠેરે. અવર. ૬
પૂર્ણચંદ્ર કહે પ્હેરો પ્રીતે, એ ભૂષણ બાઈ ભાઇરે;
તજી દો તકલાદી ભૂષણને, છે જે સદા દુખદાઇરે. અવર. ૭

श्री गोकुळाष्टक.

श्रीमद् गोकुलसर्वस्वं श्रीमद् गोकुलमंडनं ॥
श्रीमद् गोकुलदृकतारा श्रीमद् गोकुलजीवनं ॥ १ ॥
श्रीमद् गोकुलमात्रेशः श्रीमद् गोकुलपालकः ॥
श्रीमद् गोकुललिलाब्धिः श्रीमद् गोकुलसंश्रयः ॥ २ ॥
श्रीमद् गोकुलजीवात्मा श्रीमद् गोकुलमानसं ॥
श्रीमद् गोकुलदुःखघ्नः श्रीमद् गोकुलवीक्षीतंः ॥ ३ ॥
श्रीमद् गोकुलसौंदर्य श्रीमद् गोकुलसत्फलं ॥
श्रीमद् गोकुलगोप्राणः श्रीमद् गोकुल कामदः ॥ ४ ॥
श्रीमद् गोकुलराकेशः श्रीमद् गोकुलतारकः ॥
श्रीमद् गोकुलपद्मालीः श्रीमद् गोकुलसंवृतः ॥ ५ ॥
श्रीमद् गोकुलसंगीतः श्रीमद् गोकुललास्यकृत् ॥
श्रीमद् गोकुलभावात्मा श्रीमद् गोकुलपोषकः ॥ ६ ॥
श्रीमद् गोकुलहृत्स्थानः श्रीमद् गोकुलसंवृतः ॥
श्रीमद् गोकुलदृकपुष्टः श्रीमद् गोकुलमोदितः ॥ ७ ॥
श्रीमद् गोकुलगोपीशः श्रीमद् गोकुललालितः ॥
श्रीमद् गोकुलभोग्यश्रीः श्रीमद् गोकुलसर्वकृत् ॥ ८ ॥
इमानि गोकुलेशस्य नामानिवदनेमम;
वसंतु सततंचैव लीला च हृदयेसदाः; ॥ ९ ॥

मधुराष्टक—छंद तोटक.

अधरं मधुरं वदनं मधुरं, नयनं मधुरं हसितं मधुरं;
हृदयं मधुरं गमनं मधुरं, मधुराधिपते रखिलं मधुरं. ॥ १ ॥
वचनं मधुरं चरितं मधुरं, वसनं मधुरं वलितं मधुरं;
चलितं मधुरं भ्रमितं मधुरं, मधुराधिपते रखिलं मधुरं. ॥ २ ॥
वेणुर्मधुरो रेणुर्मधुर, पाणीर्मधुरः पादौ मधुरौ;
नृत्यंमधुरं सख्यंमधुरं, मधुराधिपते रखिलं मधुरं. ॥ ३ ॥
गीतंमधुरं पीतंमधुरं, भुक्तंमधुरं सुप्तं मधुरं;
रुपंमधुरं तिलकंमधुरं, मधुराधिपते रखीलं मधुरं. ॥ ४ ॥
करणं मधुरं तरणं मधुरं, हरणं मधुरं रमणं मधुरं;
वमितंमधुरं शमितंमधुरं, मधुराधिपते रखिलंमधुरं. ॥ ५ ॥
गुंजामधुरा माला मधुरा, यमुना मधुरा वीचिर्मधुरा;
सलिलंमधुरं कमलं मधुरं, मधुराधिपते रखिलंमधुरं. ॥ ६ ॥
गोपी मधुरा लीलामधुरा, युक्तं मधुरं मुक्तं मधुरं;
दृष्टं मधुरं सृष्टं मधुरं, मधुराधिपते रखिलं मधुरं ॥ ७ ॥
गोपा मधुरा गावो मधुरा, यष्टीर्मधुरा सृष्टिर्मधुरा;
दलितं मधुरं फलितं मधुरं मथुराधिपते रखिलं मधुरं. ॥ ८ ॥

सर्व वातना सार रुपे महात्मानी शिक्षा.

સેવો મન સાચા સાધુ સાચા, સાચા સાચા સાચા સાચા. સેવો.
સાચિ સેવાથી ઇષ્ટ સધાશ્યે, સાચિ એ શાસ્ત્રની વાચા. સેવો.
કૃષ્ણે કરી છે સાધુની સેવા, ન્યાળો ગીતામાં શબ્દો ન કાચા. સેવો.
અભીધર સાચાસાધુના સંગે ત્રિવિધિ તાપો ખાય તમાચા. સેવો.

गंगा पापं शशि तापं । दैन्यं कल्पतरु स्तथा ॥
पापं तापं च दैन्यंच । हंती साधु समागमः ॥

અચ્યુતં કેશવ રામ નારાયણં, કૃષ્ણ દામોદરં વાસુદેવં હરિ;
શ્રીધરં માધવં ગોપિકાવલ્લભં, જાનકીનાયકં રામચંદ્ર ભજે.

કામીકું નારી પિયારી જિમી, લોભીકું પ્રિયદામ;
તૈસે કબહોં લાગી હોં, મેરે હૃદયે રામ

સિયાવર રામચદ્રકી જય ! ! !

શ્રી આખ્યાન સપ્તક.

મહારાજ **અમીધરપ્રસાદજી** રચિત આ આખ્યાનસપ્તકમાં સાત પ્રભુભક્તો મહાત્માઓની શ્રી પ્રભુએ કરેલી તેઓ અર્થે કાર્યસિદ્ધિનું નિરૂપણ છે. પુસ્તક બારપેજી ડેમી ૧૫ કરતાં વધારે ફરમાનું પાકા પુંઠાનું થશે.

ગુજરાતી ભાષામાં અભ્યાસ કરવા વાળા જીજ્ઞાસુઓને આ અત્યુત્તમ લાભ છે. તેમજ ગદ્ય પદ્ય મિશ્ર વાર્ત્તા વાંચવા વાળા ભગવદ્ ભક્તોને આનંદનું સ્થાન છે. પ્રાસ અનુપ્રાસ સહિત કાવ્યશક્તિને વખાણવાવાળા ઇચ્છુકને નિજવૃત્તી પરિતોષવાનું આલય છે. ઇત્યાદિ ઇત્યાદિ.

પહેલું આખ્યાન ભદ્રાયુ રાજાનું છે—તેમાં ગુરૂનું પ્રાધાન્ય પણું છે. ધનાઢ્ય સ્થિતિમાં પુર્વજન્મે બ્રાહ્મણપુત્ર મદનનું ધનનો દુરૂપયોગ કરી ગણીકાપીંગળા સાથે સંલગ્ન થવું. અધમ સ્થિતિમાં ગુરૂમહારાજના ફક્ત ઘડીભરના સતસંગથી તેવણનું બીજા જન્મમાં હિત થવું, પ્રારબ્ધાધીન કેટલાક વર્ષે આ ગાંધર્વ વિવાહિત દંપતીનું આ દુનીયાં છોડી જવું, પીંગળાનું માગધ દેશના નરેશના ત્યાં પુત્રી થઇ **કીર્તિમાલીની** નાનામે જન્મવું. **મદન** બ્રાહ્મણનું દશાર્ણ નગરીના રાજા વજ્રબાહુના ત્યાં રાજપુત્ર તરીકે જન્મી ભદ્રાયુ નામે પ્રસિદ્ધ થવું. વજ્રબાહુની સાઠ રાણીઓ પૈકી ફક્ત ભદ્રાયુમાતા સુમ-

ત્તીને પુત્ર હોવાથી એગણુ સાઠ રાણીયોની ક્ષુલ્લ વૃત્તીનાપરિણામ રૂપી માતા પુત્ર બેઉને ઝહેર આપવું. રાણી ને પુત્રને ઝહેર ફુટી નીકળવું. એજ કારણે વજ્રબાહુ રાજાએ ત્યાગ કરી નિરાધાર રાણીને આપેલો વનવાસ, રાણીને આપત્તી વખતમાં પદ્માકર વાણીયાએ આપેલ આશ્રય. ત્યાં ભદ્રાયુનું મરણ પુત્રને ખોળામાં લઈ બળી મરવા ચિતામાં બેસવું—અગ્નીનું લાગવું, ગુરૂમહારાજ શ્રી શિવરાજ યોગીનું આવવું, બેઉને બચાવી જીવન તત્વ આપવું.

કીર્તિમાલિનીના પિતા **ચિત્રાંગદનું** ભદ્રાયુના પિતા વજ્રબાહુના દેશપર ચઢાઈ કરી, રાજ્ય છીનવી લેવું, રાજાને બંધીવાન કરી દશાર્ણમાં લાવતાં રસ્તામાં થયેલું સાઠ હજાર યોદ્ધા સંઉ ૯ક્ત ભદ્રાયુનું ૧૧ વર્ષમાં લડવું, ચિત્રાંગદને હરાવવો, ગુરૂમહારાજનું આવવું, ચિત્રાંગદને કહેવું (ત્હારી પુત્રી કીર્તિમાલીની પરણાવે તો ભદ્રાયુ ત્હને જીવતો મુકે) તેનું હા પાડવું, માગધ દેશમાં આવવું. લગ્નની તૈયારીઓ, પિતા પુત્ર માતાની પરસ્પર ઓળખ, લગ્ન થવું, છેવટનો આનંદ, વજ્રબાહુનું પુત્ર ભદ્રાયુને રાજ્ય આપી વાનપ્રસ્થ થવું, ભદ્રાયુનું મૃગયા કરવા જવું. વ્યાઘ્ર રૂપે શંકરે કરેલી પરીક્ષા, રાજાની ઉદાર વૃત્તીને છેવટે બળી મરવા જતાં શંકરનું પ્રત્યક્ષ થઇ વર આપવું, ઉભય લોકમાં આનંદ આનંદ વગેરેનું વિસ્તાર પૂર્વક વર્ણન કરેલ છે.

બીજું સતી મધુવતીનું—તેમાં નાયક લોલુપ શર્મા બ્રાહ્મણ છે. સાધારણ ગૃહરાજ્યમાંથી વૈરાગ્ય પ્રાપ્ત થતાં અટુટ દૃઢ નિશ્ચયથી પ્રભુના પ્રત્યક્ષ દર્શન માટે તીર્થ યાત્રાદિ કરવા નીકળવું. રસ્તામાં તપોવનમાં મહાત્મા શાન્તી શર્માનો મેળાપ થવો, પ્રભુદર્શન માટે

દઢ માગણી કરવી. મળ પરિપક્વ થયા વિના અનધિકારીને શી રીતે સમજાવવો ધારી પાંચ ગાઉ પર આવેલા કાશી ક્ષેત્રમાં મધુર શાહ વણીકની પુત્રી મધુવતીને પોતાની પત્ની કરી લાવવા ઉદ્દેશી લોલુપ શર્માનું કાશીએ આવવું. અત્યંત સંકષ્ટ વેઠયા પછી મધુવતીને મળી પોતાના વિચાર જણાવવા. મધુવતીએ હીમાલયમાંથી ગલ્લકી નદીના મુળમાં ભારતેશ્વર મહાદેવની જળાધારી નીચેથી હીરો લાવવા ઉદ્દેશ. તેનું માહાદેવમાં આવી હીરો લઈ મધુવતીને આપવો. મધુવતીએ પતીસહ નીકળી જવા કરેલ વિચાર દરમીયાન. પ્રાણઘાતી ખાટકી સાથે કરેલ મધુરશાહનો સંકેત. લોલુપ શર્માના ટુકડા થવા, મધુવતીનો શોક. ટુકડામાંથી નીકળતો ઉચ્ચાર. રાજા પાસે ફરીયાદ. ટુકડા લઇ ચંડાળનું ત્યાં આવવું. ટુકડામાંથી નીકળેલ જવાબ. સર્વનું આશ્ચર્ય. મધુરશાહને સજા. ચંડાળને દેશપાર. મધુવતીનું ટુકડાનો પોટલો બાંધી જંગલમાં આવી બળી મરવા નિશ્ચય. ચિતામાં પ્રવેશ આકાશવાણી. ટુકડા લઈ ગુરૂ શાન્તી શર્મા પાસે આવવું, ગુરૂશ્રીની કૃપાએ તેનું સજીવન થવું. વૈમાનનું આવવું. મધુવતી ને લોલુપશર્માનું વૈમાનમાં બેસી આકાશ તરફ જવું. ગુરૂ મહારાજપર થયેલી પુષ્પવૃષ્ટી ઈત્યાદિકનું સવિસ્તર આ આખ્યાનમાં વર્ણન કરેલું છે.

ત્રીજું ભક્તશ્રી **મયૂરધ્વજ** રાજાનું આખ્યાન પ્રસિદ્ધિમાં છે. છતાં પણ યોગ્ય ધારી લખ્યું છે.

ચોથું ચંદ્રહાસનું આખ્યાન પણ પ્રસિદ્ધિમાં આવેલું છે. છતાં પણ લખવાનું પ્રયોજન ફક્ત પોતાની શાન્તી અર્થે છે જોકે ચંદ્રહાસના

નામથી આર્યાવર્ત પ્રજા કોઈ પણ અજાણ નથી તો પણ જેમ ઘઉ, ઘી, તથા સાકર તે તેના તે પદાર્થો છે; પરંતુ વિવિધ પાકશાસ્ત્રીઓ તેને રૂપાંતરમાં ઇચ્છા પ્રમાણે મુકી જગતના મ્હોટા ભાગની ભૂખ વૃત્તીઓને તૃપ્ત કરી મુકે છે, તેમજ વિવિધ લેખકોના હાથથી લખાએલ લેખો વિવિધ વૃત્તીવાળા માનવોને પરિતોષે છે. એ મુદ્દાપર આ આખ્યાન લખવામાં આવ્યું છે.

પાંચમામાં સત્સંગનું પ્રાધાન્યપણું ઉજેણમાંથી **પીંગળા** વેશ્યાનું વીસલાખ રૂપીઆનું ધન લઈ ગામડામાં આવવું. ત્યાં પૈસાથી પરમેશ્વર બની બેસવું. જગન્નાથ જઇ ચોમાસુ ગાળવા મુસાફરીએ નીકળેલા ચાર ભગવદ્દ ભક્તોનું ગામમાં આવવું, જગત ભક્તને વ્હેર. ગુણીકાના ત્યાં ભગવદ્દ ભક્તોને ગામ લોકોએ મોકલવાથી ત્યાં ઉતરવું. સ્નાન કરી. ઠાકોર સેવા કરવા બેસવું. ઠાકોરશ્રીને ષોડશોપચારે પુજન કર્યા બાદ આર્ત્તી ઉતારી છેવટે આનંદમાં શંખ વગાડવો. ગુણિકાની તબીયત ગભરાવવી. દાસીને તપાસ કરવા હુકમ આપવો. દાસીનો તપાસ ને પરસ્પર વાતચીત. ગુણીકાનું હીરા, મોતી, મહોર, લીલો મેવો સુકો મેવો લઈ ભગવાનને અર્પણ કરવા આવવું. ગુણીકાએ કરેલો સાધુઓને બોધ. સાધુઓનું કબુલ કરવું, ચતુર્માસ રહેવું. પરસ્પર **સત્સંગ** ગુણીકાએ નવ લાખ રૂપીઆનો મુગટ બનાવવો. છેવટે જગન્નાથ જવું ત્યાં લોકોની ભીડ, થયેલી વાતચીત. જનસમૂહનો સાધુઓને અપવાદ. છેવટે જગન્નાથજીની મુર્તીનું સીંહાસનપરથી ચલિત થવું. ગુણીકાનું રજસ્વળાપણું ને તે સંબંધે ખેદ. ભગવાનનું નાતિ જાતિ રહિત ભક્તવચ્છળપણે પાંચ ડગલાં ભરવાં. ગુણીકા પાસે

આવી ડોક નીચી નમાવી મુકુટ ધારણ કરવો. ભક્તને મ્હોટાઈ આપવી–ઇત્યાદિ ઇત્યાદિ વર્ણન સહિતછે.

છઠ્ઠા આખ્યાનમાં **ભક્તીનું** પ્રાધાન્ય પણું છે. હસ્તીનાપુરમાં રહેલા અર્જુનને દ્રૌપતીની વાતચીતમાં અર્જુને પોતાની વડાઈ હાકવી ને ભીમને અજ્ઞાન ઠરાવવો. અર્જુનને થયેલ અભિમાન દ્વારી-કામાં ભગવાનનું જાણવું. ધર્મરાજાએ એક મહિનો ધન સંક્રાંતી પુરી થતાં પર્યંત સ્વજ્ઞાતીનું ભોજન કરવા કરેલો નિશ્ચય. તે પ્રસંગે નીકુળનું ભગવાનને તેડવા જવું, ભગવાનનું પ્રત્યુત્તરમાં નહિ પધારવું. ફરી સહદેવનું જઇ આવવું. અંતે અર્જુને પ્રતિજ્ઞા કરી તેડી લાવ-વવા હામ ભીડી દ્વારીકા જવું. ભગવાનનું ન પધારવું. ધર્મ રાજાની ઉદાસી. એ સમય ભીમસેનનું આવવું. ભીમસેનનો દૃઢ નિશ્ચય. એક ઘડીમાં ભગવાનને દ્વારીકામાંથી હસ્તીનાપુરમાં લાવવા ગદા ઉછાળી નીચે પોતાનું માથું ધરવાના કરેલા સાહસથી ભગવાનનું પધારવું. છેલ્લો આનંદ વિગેરે વર્ણન છે.

સાતમા આખ્યાનમાં **વિશ્વાસ**નું પ્રતિ પાદન છે. નાયક અયોધ્યા પાસે આવેલ અરલી ગામનો રહીશ વિશ્નુશર્મા નામના પિતાથી ને ચારૂમતિ નામની માતાથી ઉત્પન્ન થયેલ છે. બાળાવસ્થામાં પોતાના માતા પિતાનો સ્વર્ગવાસ. તેનો શોક કાન્તાગૌરીબાઇના પાલણ પોષણ નીચે. ઉપવીત સંસ્કાર, બાદ ગુરૂ શાન્તીશર્મા પાસે જવું, બાદ લગ્ન પાછા ફરી ગુરૂ પાસે અભ્યાસ માટે આવવું, આશ્રમની મહત્તા. આશ્રમ કરવા વિચાર તેટલામાં પત્ની શાન્તાગૌરીનો પત્ર આવવો. ગુરૂની રજા લઈ અયોધ્યા જવું. ત્યાંથી શાન્તાને તેડી અરલી આવતાં રસ્તામાં ચોરોનું મળવું. ચોરોએ ખાધેલા રામચંદ્રના સોગનવાળી પ્રતિ-

આના વિશ્વાસ પર તેમનું પ્રયાણ, બાદ ઘોર અરણ્યમાં ચોરોનું બદલાઈ જવું. સ્ત્રીને આપેલ ધમકી. સ્ત્રીના કાલાવાલા મહીદેવનો શિરચ્છેદ તેમનું મદિરા પીવા બેસવું. પત્નીનો વિલાપ. છેવટે રામચંદ્રજીનું ક્ષત્રીના રૂપમાં પધારવું ચોરોની નાશ ભાગ. મહીદેવનું જીવતું થવું. તેવણનું વરદાન. ચોરોનો મોક્ષ. વગેરે વર્ણનથી પૂર્ણ છે.

॥ तत्-सत्. ॥

अपूर्वलाभ ! ! अद्भुत चमत्कार ! ! आर्य महर्षि महात्मा अने सिद्ध प्रणीत गुप्त ज्ञान महासागर ! ! महाराजा अमीधरजी विरचित अध्यात्मसिंधु—આ અદ્વિતીય ગ્રંથ ટુંકા અવસરે અજવાળામાં આવવાનો છે. અદ્ભુત ચમત્કાર કે બનાવો જે મનુષ્યોના મનથી પણ વિચારવા કઠીન છે અને સ્વપ્નમાં આવવા દુર્લભ છે, તથા અતિ દુષ્પ્રાપ્ય છે. એનું એ ગ્રંથમાં એવું આબેહુબ વર્ણન કરવામાં આવ્યું છે જો વાંચી સાધારણ પ્રાણીઓ તદનુસાર પ્રવર્તન કરે તો છાતી ઠોકી કહી આપીએ છીએ કે દેવતાઈ ચમત્કાર મેળવ્યા શિવાય તે રહે નહીં.

खास जाणवाजोग बाबत:......પ્રાણ વિનિમય—(પ્રાણ પરિવર્તન) મેસ્મેરીઝમ્ (માનસીકયોગ) સ્પીરીચ્યુઆલીઝમ્ (પ્રેતાવાહન) હીપ્નોટિઝમ્ ઈત્યાદિકને અમેરીકામાં આવેલા ન્યુઓર્કની શાળામાંથી નીકળતા કેટલાક લેખો વીગેરે વીગેરે સર્વ **आ अध्यात्मसिंधु**

ના તટે એક તરંગમાળા તરીકે દ્રષ્ટી ગોચર થાય છે. આ ગ્રંથમાં જ્યાં સુધી બની શકે ત્યાં સુધી અન્ય જીગ્નાસુ સાધકને સમજાવવા માટે સરલતાથી લખવામાં આવ્યું છે. ગ્રંથ સોળ પેજી રોયલ ૧૫ પંદર ફરમાના આશરે થશે. ને પાકા પુંઠાથી બાંધવામાં આવશે. જેની કીંમત પ્રથમથી ગ્રાહક થનાર પાસેથી રૂ. ૧) એક અને પાછળથી ગ્રાહક થનાર પાસેથી રૂ. ૧।। દોઢ રૂપિઓ લેવામાં આવશે. બેઉ ગ્રાહક પાસેથી પોસ્ટેજ જુદુ લેવામાં આવશે.

મળવાનું ઠેકાણું–મહારાજ अमीधर प्रसादजी.

(ઉત્તર ગુજરાત) મુ. વરસોડા. અમદાવાદ થઇને.

श्रीमन्महात्मा ऋषिरायजी रचित भक्ति ज्ञान

वैराग्य विभूषित.

॥ नीतिबोध–चिंतामणि. ॥

कामिनी लोचन कविवचन, मनवेधन दो ठोर;
वेधूको मन वेधही, वो कवि कामनी और.

प्रवीणसागर.

કામનીઓનાં લોચન અને કવિઓનાં વચન એ બેજ હ્રદયને વેધનાર છે; પણ જે હ્રદય વેધનાર એવી કામીનીઓ તથા એવાજ કવીઓનાં હ્રદયને પણ વેધવા વાળી જે કામીનીયો તથા કવીયો છે તે જુદાંજ છે.

જે કવિતા સરલ હોય, બાળથી વૃદ્ધ અને અભણથી પંડિત સુધીને ઉપયોગી હોય, જેથી અનેકનું કલ્યાણ હોઈ શકે. કઠીણ હૃદય વાળાના હૃદયને દ્રવીભૂત કરે. આત્મોન્નતિ કરી અભિષ્ટ ફળ આપે. અને શાસ્ત્ર વાક્યાનું સાર હોય **एज कविता मान्यनीय** માની શકાય અને ગ્રહણીય ગણાય. ઉપરોકત ગુણથી વિભૂપિત જો કોઈ ગ્રંથ ગુજરાતમાં હોય તો આ નીતિ બોધ ચિંતામણિ જ છે. સંસારમાં રહેતાં છતાં નિસ્પ્રહી. વિદેહમુક્ત, મહાત્મા રૂષિરાયજીથી કોણ અજાણ્યું છે. એવું કયું ગુર્જર ભૂમિમાં ગામ હશે કે જે એ મહાત્માના ઉદાર નામથી અજાણ્યું હોય! પરોપકારાર્થે એ મહાત્માએ જે જે ગુર્જર વર્ગનું અભિષ્ટ ચાહ્યું છે તે એક અલૌકિકતા કરી છે. બીજા કવિઓ ભકતોની માફક એમણે એક મત પ્રતિપાદન કરી બીજાને ઈર્ષા ભાવથી નિંદ્ય કર્યો નથી, પણ પંચદેવની ઉપાસના વેદોકત હોવાથી એ દેવતાઓને ઐકય ભાવે વર્ણવ્યા છે. તેમ આચાર્યોના ઝગડામાં તેમણે બિલકુલ હાથ નાખ્યો જ નથી. ગમે તે સંપ્રદાયમાં હો । પણ સુખ દુખની સહનતા. આત્મ જ્ઞાનનો ઉદય—કામ ક્રોધાદિક પંચ વિષયની વાસનાનો ત્યાગ, સંસારમાં રહી મનુષ્યને કરવાનું કર્તવ્ય. પરમાત્માનો વિશ્વાસ. સત્સંગની અભિરૂચિ પર્યંત સત્ સમાગમ. વૈરાગ્ય ભાવની પ્રગટતા. ઈશ્વરની અનન્ય ઉપાસના એટલાથી જ મોક્ષ માન્યો છે. ત્રીપુંડ્ર ધારણ ઉર્ધ્વ પુંડ્રધારણ રૂદ્રાક્ષ ધારણ તુલસી ધારણ એ સરવે કર્યું હોય પણ હૃદયમાં ભગવાને બતાવેલ નર્કનાં દ્વારરૂપ **काम क्रोधस्तथा लोभः तस्मादेवत्रयं त्यजेत्** કામ ક્રોધ અને લોભ જ છે. તેમને હઠાવવામાં આવ્યા ન હોય તો પ્રભુ કેમ પ્રસન્ન થાય એ માટેજ શૈવ વૈષ્ણવના ચારે સંપ્રદાયો એ તમામ એમને ધન્યવાદ આપી

માન આપે છે. એટલી બધી એ ગ્રંથમાં સત્તા સમાવેલી છે કે તલવારની પ્રત્યક્ષધારા કરતાં એમાંનાં વાક્ય હૃદયને વધારે ભેદે છે. વળી કવિતાશક્તિ એટલી તો તિવ્ર છે કે પ્રાસ અનુપ્રાસ વર્ણસગાઈ ગુજરાતી કોઇ કવિમાં એઓના જેટલી સમાઈ નથી એટલી રેલમ છેલ છે. એથી સંતજન, મહાત્મ, સગુણ નિર્ગુણની ઐક્યતા, વર્ણાશ્રમ, પ્રતિપાદન સર્વ સંપ્રદાયોની ઐક્યતા તથા ગૃહસ્થાશ્રમની તથા વૈરાગ આશ્રમની શ્રેષ્ઠતા સત્શાસ્ત્રો એ આદિકનું પ્રતિપાદન છે. ભજન કીર્તનોનો ભંડાર છે. હજારો બુકો દરવરસે ઉપડી જાય છે. એજ એની ઉત્તમતાની સાબીતી બસ છે. હાલ થોડી બુકો પાસે રહી છે. ખરી ઘો, નહી તો પછી મળવી મુશ્કેલ છે. કીંમત પોષ્ટેજ સહિત. ૨-૮-૦

મળવાનું ઠેકાણું-મહારાજશ્રી મણીભાઈ
વરસોડા-મહિકાંઠા, અમદાવાદ થઈને.

वीर वाद्य ! वीर डींडीम ! वीर मुदूगर ! के वीर काव्य !
महात्मा ऋषिरायजीनी पूर्वावस्थामां कवि हरजीवन कुबेरजी ए नामे रचायेल–चावडाचरित्र नवुं पाडेल नामः–

चापोत्कट काव्य.

વલ્લભિનગરમાં પ્રતાપભાનુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેનો પુત્ર જયશિખર જે ચાપોત્કટકૂળચૂડામણિ સ્વદેશભક્ત અને ગુજરાત ભૂમિના સંરક્ષણાર્થે રણરૂપી યજ્ઞમાં પ્રાણાહુતી આ-

પનાર હતો તેને ત્યાં શંકર નામે મહાન્ કવિશ્વર રહેતો હતો. તેણે કનોજના રાજા ભૂવડ આગળ ગુજરાત તથા તેના રાજાની પ્રશંસા કરવાથી તે ભૂવડ ગુજરાતનું રાજ્ય જયશિખર મહારાજા પાસેથી લેવા ઉશ્કેરાયો. અને પ્રથમ પોતાના મુખ્ય પટાવત મીરને ગુજરાત જીતવા સારૂ કેટલાક સૈન્ય સહિત મોકલ્યો. એ સમયના લશ્કરનું વર્ણન અને શૂરવીર શૂરપાળે તેને મારી કહાડયો એ સંબંધે ક્ષત્રિપુત્રોનું જે દારૂણ યુદ્ધ વર્ણવ્યું તે આબેહુબ છે.

મીર પાછો હઠયો અને કનોજથી થોડાક ગાઉપર શરમ ભર્યો ઉતર્યો. ઉદાસ થયેલા મીરને ભૂવડે આવીને આપેલ હીંમ્મતવચન અને પોતાની નગરીમાં લેઈ જઈ ફરીથી પોતે ફોજ લઈ ચઢયો અને પંચાસરમાં લડાઈ ચલાવી. એ સમયની કતલ, રાત્રીઓ અને ક્ષત્રીપુત્રોને ભાટ ચારણાદિકોએ ચઢાવેલ પાણી એ વિષયના ભેદનું અને શૂરી માતાના જાયાની મૂછો ફરફરી ઉઠવાનું વર્ણન.

શૂરપાળનું રૂપસુંદરી સગર્ભા હોવાથી વનમાં મૂકવા જવું, તથા તેણે કહેલ બ્હેનને પતિવ્રતધર્મ, મર્મભેદક વર્ણન, પુત્રનો પ્રસવ, ભીલડીનો આશ્રય, વનરાજને ઝાડની ડાળે વનમાં હીંચતો જોઈ ત્યાં એક તપસ્વીનું આવી ચઢવું, તેણે કહેલાં વનરાજ સંબંધીનાં ભવિષ્યવાકયો. તેની રૂપસુંદરીએ કરેલી સ્તુતિનો સુંદર છંદમાં પ્રત્યક્ષ ચમત્કાર છે. એક તરફ જયશિખરનું ભૂવડ સાથે દારૂણ યુદ્ધ, તેમાં તેનું મરણ થવું. રાજ્યની પાંચસે દાસીએ કરેલ ભૂવડના સૈન્યપર હુમલો, ને તે ફોજનું પાછું ફરવું એ દૈવી વિષય છે. વનરાજને વિજ્ઞેશ્વર નામના પંડિતરાજે ભણાવેલ રાજનીતિ ઘણાજ અગત્યની અને શુક્રનીતિ, વિદુરનીતિ ભર્તુહરીનાં અને પુરાણ સ્મૃતિઓનાં વાકયોથી

જ બંધાયલી છે. પછી વનરાજે મોટા હોઈ સ્વરાજ્ય મેળવાનું,વચ્ચ ટણની વસાયતનું વર્ણન, તે પછી યોગરાજ વગેરે સાત । વળ્ળ રાજાઓની હકીકત, સોલંકી પાસે રાજ્ય જવું. તેમના રાજાઓની હકીકત પછી વાઘેલાને હાથ ગુજરાતની ગાદિ જવી અને તે રાજાઓનું વર્ણન, બાદશાહ અલાઉદ્દીન પાસે ગુજરાતનું રાજ જવું. ચાવડા કુળમાં ઉત્પન્ન થયેલ અહીરન નામના ક્ષત્રીકુમારનું કચ્છમાં નવસે ગામનું રાજ્ય સ્થાપવું. તે ગાદી બીજા પાસે જવાથી પુંજા ચાવડાનું ગુજરાતના ધારાપુરમાં રાજ્ય સ્થાપવું. તે પણ અલાઉદ્દીને છીનાવી લેવાથી પુંજાજી નામના ચાવડે બાદશાહની કરેલી સેનાધિપની નોકરી. દંઢાવ્ય દેશના ધાડપાડુ ભીલો હજી વશ્ય થયા ન હોવાથી બાદશાહે ઢંઢેરો પીટાવ્યો કે એમને કોઇ વશ્ય કરી આપે તો તે દેશ તેને બક્ષીસ છે. પુંજાજીએ તેમને વશ્ય કરવાથી અંબાસણમાં રાજ્યગઢિ કરવી અને તેના વંશજોનું વરસોડા અને માણસા વિગેરેમાં રાજ્ય સ્થાપવું—વરસોડાના કેશવદાસ નામના ઠાકોરશ્રીને બાલમુકુંદ મહાત્માએ કહેલ હૃદયવેધક કાળ હસ્તામળ વગેરે વગેરે અમુલ્ય વિષય છે. એ કાવ્યની બાંધણીમાં સર્ગ નીમેલા છે. કુલ મલી ૧૯ સર્ગ છે. પ્રાસ અનુપાસ ઝડ ઝમક રસ અલંકાર અને એવી ગુંથણી છે કે જેનાં વખાણ કરવાં એ સોનાને રસવા સરખાં છે. અમે એટલું કહી બસ કરીએ છીએ કે એક વખત વાંચોતે તે પુસ્તક તમને મુકવું ગમશે જ નહીં. જેમ જેમ પુનરાવર્તન કરતા જશો તેમ તેમ તેનો અદ્ભૂત રસ ઔર ઔર માલુમ પડતો જશે. એ એની માઘના કહ્યા પ્રમાણે રમણીયતા છે:—

क्षणे क्षणे यन्नवतामुपैति, त देव रूपं रमणीयताया.

જે વાંચતાં અનુભવતાં પુનઃ પુનઃ વાંચવા કે અનુભવવા ઉત્કંઠા કરાવે તેજ રમણીયતા ! ! !

એ ગ્રંથની રમણીયતા અલૌકિક છે. કવિતા ભણીને કરેલી નથી; પણ ઇશ્વરી બક્ષીસની છે. એ ગ્રંથકાર મહાત્મા ઈશ્વિરી બક્ષીસના કવિવર્ય છે. એ જગજાહેર છે એટલે પછી વધારે શું લખવું? દોહા, ચોપાઇ, ઉધોર, હરીગીત, ઝૂલણા, શાર્દુલવિક્રીડિત, મંદ્રાકાંતા, પુષ્પિતાગ્રા, માલીની વગેરે છંદોમાં રચાયલ છે. વાંચો, કળીયુગનાં મંદ પડી ગયેલાં હૃદયને સતેજ કરો, હૃદય શૂરતાવાળાં કરો. અને પોતાના માતા પિતાને ધન્યવાદ અપાવો. આ ગ્રંથની એટલી બધી માગણી થઇ છે કે જે પુસ્તક છપાઇ બહાર પડયા પહેલાં મારી પાસે ગણી ગાંઠી ચોપડીઓ રહી છે, માટે ખરીદો, નહીંતર પછી પસ્તાશો ! અને કહેશો કે એવા ગ્રંથ માટે આપણુ બેનસીબ રહ્યા. કીંમત ૧-૪-૦ પોષ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું—મહારાજ મણીભાઈ
મુ. વરસોડા-મહીકાંઠા. અમદાવાદ થઇને.

त्रिपुरास्तवन याने देवीअद्भुतचमत्कार.

એમાં મેસમેરિઝ્મ સ્પીરીચ્યુઆલીઝમ વગેરેનું એ ગ્રંથ કર્તાએ સ્વાનુભવ યુક્ત વર્ણન કર્યુંછે. વળી તે ખાત્રી થવા સારૂ પોતે મહાશયો સમક્ષ કરેલા પ્રયોગોની નોંધ છે, એથી મેસમેરીઝમ તથા સ્પીરીચ્યુઆલીઝમ (પ્રેતાવાહન) શીખવા ઇચ્છનારને ખાસ ઉપયોગી છે. વળી આદ્યમહર્ષિઓની મહાન્ વિદ્યાઓમાં શ્રદ્ધા ઉત્પન્ન કરનાર એક અમુલ્ય સાધન છે.

એજ ગ્રંથના કેટલાક ભાગમાં ભગવતી માતાજી બહુચરાજી તથા શ્રી અંબીકાજી વગેરેનાં પ્રેમાળ ગાયનોનો સંગ્રહ અને દરરોજ નિત્ય નિયમમાં પાઠ કરવા સારૂ શ્રી વલ્લભભટકૃત આનંદનો ગરબો વગેરેથી વિભૂષિત છે.—

કેટલાક ભાગમાં એ ગ્રંથકાર મહાશયને મળેલ મહાશયોનાં—વૈધકનાં, મેસ્મેરીઝમના જાણનાર તથા વકીલાતની લાયકાત વગેરેનાં પ્રમાણ પત્રો આલ્હાદકારી છે. છતાં એ પુસ્તકમાંથી જે નફો આવે તે ખેરાળુમાં જાતે બેસાડેલ બહુચરાજી માતાનાં અર્ચન પૂજનના ખર્ચ ખાતે જાય છે માટે સુજ્ઞ સજ્જનો! આપ એ અલભ્ય પુસ્તકોને ખરીદો અને આત્મોન્નતિ ચાહો.

धन्वंतरी–(पत्र.)

એ નામનું આયુર્વેદ (વૈદકને) ઉદ્દેશીને ચર્ચાતું અત્યુત્તમ માસિક ફકત ઉક્ત મહાશય તરફથી બહાર પડે છે. જેમાં—વનસ્પતિના ગુણ–રસાયણી પ્રયોગ તથા ધાતુનું મારણ શોધન આદિ અતિ ઉપયોગી વિષયો અનુભવીઓની કસાયલી કલમ વડે ચર્ચાય છે. પ્રાચીન અને ગ્રંથકારો તથા આધુનીક આર્યોની તથા પાશ્ચીમાત્ય શોધોનું અનુકરણ પણ સારી રીતે કરવામાં આવે છે. આરોગ્યતાના ઇચ્છિનારે ઘરમાં અવશ્ય રાખવું ઘટે છે. કીમત વર્ષના પોષ્ટેજ સાથે રૂ. ૨–૦–૦

મળવાનું ઠેકાણું—ચિકિત્સક ચૂડામણિ

વકીલ ભોગીલાલ ત્રીકમલાલ–વીશનગર.

આ જાદુખોરીયા જગતમાં જૂઠ ઝળકી રહેલું હોવાથી વધારે બોલવા કરતાં એટલુંજ કહેવું બસ છે કે એકવાર કામ પાડી સાચા જૂઠાની ખાત્રી કરો !

જે બાઇઓ ધાત વહેવાના રોગથી, લોહીવાથી, અટકાવમાં થતી પીડાથી અને સુવારોગથી પીડાઇ કંટાળી ગઇઓ હોય, તથા જેમનાં બચ્ચાં નિરોગી ન રહેતાં હોય, અથવા તો રૂપાળાં સંગીન ને ભાગ્યશાળી બનાવવાં હોય, અગર સ્ત્રીઓની ખાસ બીમારીઓ કંટાળો આપતી હોય, તો તેવી બાઇઓએ અમને અરધા આનાની ટીકીટ બીડી તાકીદે પૂછી ખુલાસો મેળવવો.

ઉપરના રોગોની રામબાણ દવાઓ અમારી અનુભવી બનાવટની છે. તે વિના ચોથિયા એકાંતરીઆ તાવનીદવા, માથાના વાળો સુંદર લાંબા અને નરમ બનાવવાનું સુગંધી તેલ, બદહજમી દૂર કરનાર રાજશાહી ચૂર્ણ—દંતમંજન—સુરમા વગેરે વગેરે ખાસ ભરોંસા લાયક દવાઓ તૈયાર છે અને એ ગેરંટી સાથે ફાયદો આપી સ્વદેશીઓને આનંદ બક્ષે છે. દવા વાપરવાની રીત દવાની સાથેજ સામેલ રાખવામાં આવે છે. દવાની કીમત દર્દના પ્રમાણમાં ઘણીજ સસ્તી રાખેલ છે.

દવા મળવાનું ઠેકાણું. } **સૌ. ડા. આર્યબાળા શિવનિવાસિકા.**
અમદાવાદ—ઉત્તર ગુજરાત.

અભય એ શું છે ?

એક રસિક બોધમય નૉવેલ છે ! અને તેમાં પ્રભુ જેનું સંરક્ષણ કરે છે તેને દુષ્ટ પુરૂષો પોતાના અનેક પ્રપંચોથી મૃત્યુ આણવા કોશિષ કરે છે છતાં પણ તેનો અંતે જય થાય છે. મહાત્મા રુષિરાયજીએ કહ્યું છે કેઃ—

"દુનિયાં રૂઠીને શું કરશે ? પ્રભુ જેના બેલી !"

એજ મુજ આ પુસ્તકના વિષયનો હેતુ છે.

મળવાનું ઠેકાણું—**રામચંદ્ર ગણપતરામ.**

ચાણોદ—વડોદરા.

જરૂરી જાહેર ખબર.

—:૦:—

જો કોઇપણ સત્ સંસ્કારીને જરૂર હોય તો, આ પુસ્તકના કર્તા મહાત્માશ્રીનો પરાકાસ્ટાએ (ઝીંકો બ્લોક ઉપરથી) ફોટો તૈયાર કરાવેલ છે. જેની કીંમત ફક્ત. ૦-૨-૦ બે આના રાખવામાં આવી છે. નીચેના શીરોનામે, ટીકીટો મોકલી મંગાવી લ્યો.

શ્રીયુત્ મણીલાલ મીઠારામ.

પ્રાંત વડોદરા **મું. વરણામા.**